Thursday
29.05.2025
*Volume :9 * Issue No.315
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

*Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી ૨૯ અને ૩૦ મેના રોજ સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળના અલીપુરદ્વારમાં અલીપુરદ્વાર અને કૂચ બિહાર જિલ્લામાં સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રી બિહારના કરકટમાં રૂ. ૪૮,૫૨૦ કરોડથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૯ અને ૩૦ મેના રોજ સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની મુલાકાત લેશે. ૨૯ મેના રોજ, પ્રધાનમંત્રી સિક્કિમની મુલાકાત લેશે જ્યાં તેઓ સવારે ૧૧ કલાકે "Sikkim@50: Where Progress meets purpose and nature nurtures growth" કાર્યક્રમમાં ભાગ લેશે. તેઓ સિક્કિમમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે અને આ પ્રસંગે સભાને સંબોધિત કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે જ્યાં તેઓ બપોરે ૨.૧૫ વાગ્યે અલીપુરદુઆર અને કૂચબિહાર જિલ્લામાં સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. વધુમાં, પ્રધાનમંત્રી બિહારની મુલાકાત લેશે અને સાંજે ૫.૪૫ વાગ્યે પટના એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. ૩૦ મેના રોજ, સવારે ૧૧ કલાકે, તેઓ બિહારના કરકટમાં ૪૮,૫૨૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે. ત્યારબાદ, પ્રધાનમંત્રી ઉત્તરપ્રદેશની મુલાકાત લેશે જ્યાં તેઓ બપોરે ૨:૪૫ વાગ્યે કાનપુર નગર ખાતે લગભગ ૨૦,૯૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેઓ એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી સિક્કિમમાં

રાજ્યના ૫૦ ગૌરવશાળી વર્ષોની ઉજવણીમાં, પ્રધાનમંત્રી 'સિક્કિમ @50: જ્યાં પ્રગતિ હેતુને પૂર્ણ કરે છે અને પ્રકૃતિ વિકાસને પોષણ આપે છે' કાર્યક્રમમાં ભાગ લેશે. સિક્કિમ સરકારે "સુનૌલો, સમૃદ્ધ અને સમર્થ સિક્કિમ" થીમ હેઠળ એક વર્ષ લાંબી પ્રવૃત્તિઓની શ્રેણીનું આયોજન કર્યું છે, જે સિક્કિમની સાંસ્કૃતિક સમૃદ્ધિ, પરંપરા, કુદરતી વૈભવ અને તેના ઇતિહાસના સારને ઉજવે છે. પ્રધાનમંત્રી સિક્કિમમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કરશે. પ્રોજેક્ટ્સમાં નામચી જિલ્લામાં ૭૫૦ કરોડ રૂપિયાથી વધુની નવી ૫૦૦ પથારીવાળી જિલ્લા હોસ્પિટલ, સાંગાચોલિંગ ખાતે પેસેન્જર રોપવે, ગ્યાલશિંગ જિલ્લામાં પેલિંગ, ગંગટોક જિલ્લાના સાંગખોલા ખાતે અટલ અમૃત ઉદ્યાનમાં ભારતરત્ન અટલ બિહારી વાજપેયીજીની પ્રતિમા વગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી રાજ્યના ૫૦ વર્ષ પૂર્ણ થવાના સ્મારક સિક્કો, સ્મૃતિચિહ્ન સિક્કો અને સ્ટેમ્પ પણ બહાર પાડશે.

પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં

ભારતમાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) નેટવર્કના વિસ્તરણ તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર અને કૂચ બિહાર જિલ્લામાં CGD પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. રૂ. ૧૦૧૦ કરોડથી વધુના આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ૨.૫ લાખથી વધુ ઘરો, ૧૦૦ થી વધુ વ્યાપારી સંસ્થાઓ અને ઉદ્યોગોને પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) પૂરો પાડવાનો છે, ઉપરાંત સરકાર દ્વારા નિર્ધારિત લઘુત્તમ કાર્ય કાર્યક્રમ (MWP) લક્ષ્યોને અનુરૂપ લગભગ 19 CNG સ્ટેશનો સ્થાપિત કરીને વાહનોના ટ્રાફિકને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) પૂરો પાડવાનો છે. તે અનુકૂળ, વિશ્વસનીય, પર્યાવરણને અનુકૂળ અને ખર્ચ-અસરકારક ઇંધણ પુરવઠો પૂરો પાડશે અને પ્રદેશમાં રોજગારીની તકોનું સર્જન કરશે.

બિહારમાં પ્રધાનમંત્રી

૨૯ એપ્રિલના રોજ, પ્રધાનમંત્રી પટના એરપોર્ટના નવનિર્મિત પેસેન્જર ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે. ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલું આ નવું ટર્મિનલ દર વર્ષે ૧ કરોડ મુસાફરોને સેવા આપી શકે છે. તેઓ ૧૪૧૦ કરોડ રૂપિયાથી વધુના બિહતા એરપોર્ટના નવા સિવિલ એન્ક્લેવનો શિલાન્યાસ પણ કરશે. બિહતા એરપોર્ટ પટના નજીક ઝડપથી શૈક્ષણિક કેન્દ્ર તરીકે ઉભરી રહેલા શહેરની સેવા કરશે, જેમાં IIT પટના અને પ્રસ્તાવિત NIT પટના કેમ્પસનો સમાવેશ થાય છે. ૩૦ મેના રોજ, પ્રધાનમંત્રી કરકટમાં ૪૮,૫૨૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રદેશમાં વીજળીના માળખાને વેગ આપતા, પ્રધાનમંત્રી ૨૯,૯૩૦ કરોડ રૂપિયાથી વધુના ઔરંગાબાદ જિલ્લામાં નબીનગર સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ, સ્ટેજ-II (3 x 800 મેગાવોટ) માટે શિલાન્યાસ કરશે, જેનો ઉદ્દેશ્ય બિહાર અને પૂર્વ ભારત માટે ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાનો રહેશે, તે ઔદ્યોગિક વિકાસને વેગ આપશે, રોજગારીની તકો ઉભી કરશે અને પ્રદેશમાં સસ્તી વીજળી પૂરી પાડશે. આ પ્રદેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને મોટાપાયે પ્રોત્સાહન આપવા માટે, પ્રધાનમંત્રી વિવિધ રોડ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. જેમાં NH-119A ના પટના-અરાહ-સાસારામ સેક્શનનો ફોર-લેનિંગ અને વારાણસી-રાંચી-કોલકાતા હાઈવે (NH-319B) અને રામનગર-કચ્છી દરગાહ સ્ટ્રેચ (NH-119D) નો સિક્સ-લેનિંગ, અને બક્સર અને ભરૌલી વચ્ચે નવા ગંગા પુલનું નિર્માણ સામેલ છે. આ પ્રોજેક્ટ્સ રાજ્યમાં સીમલેસ હાઈ-સ્પીડ કોરિડોર બનાવશે અને વેપાર અને પ્રાદેશિક કનેક્ટિવિટીને વેગ આપશે. તેઓ દ્રઉં-૨૨ ના પટના-ગયા-ડોભી સેક્શનના ફોર લેનિંગ, લગભગ રૂ. ૫,૫૨૦ કરોડના એલિવેટેડ હાઈવેના ફોર લેનિંગ અને NH-27 પર ગોપાલગંજ ટાઉન ખાતે ગ્રેડ સુધારણા, વગેરેનું ઉદ્ઘાટન પણ કરશે. દેશભરમાં રેલ માળખાગત સુવિધામાં સુધારો કરવાની તેમની પ્રતિબદ્ધતા અનુસાર, પ્રધાનમંત્રી સોન નગર - મોહમ્મદ ગંજ વચ્ચે રૂ. ૧૩૩૦ કરોડથી વધુની કિંમતની ત્રીજી રેલ લાઈન રાષ્ટ્રને સમર્પિત કરશે.

પ્રધાનમંત્રી ઉત્તર પ્રદેશમાં

પ્રધાનમંત્રી પ્રદેશના માળખાગત સુવિધા અને જોડાણને વધારવાના હેતુથી અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેઓ રૂ. ૨,૧૨૦ કરોડથી વધુના કાનપુર મેટ્રો રેલ પ્રોજેક્ટના ચુન્નીગંજ મેટ્રો સ્ટેશનથી કાનપુર સેન્ટ્રલ મેટ્રો સ્ટેશન સેક્શનનું ઉદ્ઘાટન કરશે. તેમાં પાંચ નવા ભૂગર્ભ સ્ટેશનો સાથે ૧૪ આયોજિત સ્ટેશનોનો સમાવેશ થશે. જે શહેરના મુખ્ય સ્થળો અને વાણિજ્યિક કેન્દ્રોને મેટ્રો નેટવર્કમાં સાંકળશે. વધુમાં, તેઓ જી.ટી. રોડને પહોળા કરવા અને મજબૂતીકરણના કાર્યનું પણ ઉદ્ઘાટન કરશે. પ્રદેશમાં વીજ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે, અનેક પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે. પ્રધાનમંત્રી પ્રદેશની વધતી જતી ઉર્જા માંગને પહોંચી વળવા માટે ગૌતમ બુદ્ધ નગરના યમુના એક્સપ્રેસવે ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટી (YEIDA) ખાતે સેક્ટર ૨૮માં 220 kV સબસ્ટેશનનો શિલાન્યાસ કરશે. તેઓ ગ્રેટર નોઈડામાં ઈકોટેક-૮ અને ઈકોટેક-૧૦ ખાતે ૩૨૦ કરોડ રૂપિયાથી વધુના ૧૩૨ કવ સબસ્ટેશનનું ઉદ્ઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી કાનપુરમાં ૮,૩૦૦ કરોડ રૂપિયાથી વધુના ૬૬૦ મેગાવોટના પંકી થર્મલ પાવર એક્સટેન્શન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. જે ઉત્તર પ્રદેશની ઉર્જા ક્ષમતામાં વધારો કરશે. તેઓ ૯,૩૩૦ કરોડ રૂપિયાથી વધુના ઘાટમપુર થર્મલ પાવર પ્રોજેક્ટના ત્રણ ૬૬૦ મેગાવોટ યુનિટનું ઉદ્ઘાટન પણ કરશે. જે વીજળી પુરવઠાને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે. પ્રધાનમંત્રી કાનપુરમાં કલ્યાણપુર પંકી મંદિર ખાતે પંકી પાવર હાઉસ રેલ્વે ક્રોસિંગ પર રેલ ઓવરબ્રિજ અને પંકી રોડ પર પંકી ધામ ક્રોસિંગનું ઉદ્ઘાટન પણ કરશે. તે કોલસા અને તેલ પરિવહનને સરળ બનાવીને પંકી થર્મલ પાવર એક્સટેન્શન પ્રોજેક્ટના લોજિસ્ટિક્સને ટેકો આપશે અને સ્થાનિક વસ્તી માટે ટ્રાફિક ભીડ પણ ઘટાડશે. પ્રધાનમંત્રી કાનપુરમાં બિંગવાન ખાતે ૨૯૦ કરોડ રૂપિયાથી વધુના 40 MLD (મિલિયન લિટર પ્રતિ દિવસ) તૃતીય શુદ્ધિકરણ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. તે ટ્રીટેડ ગટરના પાણીનો ફરીથી ઉપયોગ કરી શકશે, પ્રદેશમાં પાણી સંરક્ષણ અને ટકાઉ સંસાધન વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપશે. પ્રદેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટા પાયે પ્રોત્સાહન આપવા માટે, પ્રધાનમંત્રી કાનપુર નગર જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે ગૌરિયા પાલી માર્ગને પહોળો અને મજબૂત બનાવવાનો શિલાન્યાસ કરશે અને કાનપુર નગર જિલ્લામાં ડિફેન્સ કોરિડોર હેઠળ પ્રયાગરાજ હાઈવે પર નરવલ મોડ (AH-1) ને કાનપુર ડિફેન્સ નોડ (૪ લેન) સાથે જોડવા માટે રસ્તાને પહોળો અને મજબૂત બનાવવાનો શિલાન્યાસ કરશે, જે ડિફેન્સ કોરિડોર માટે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે, લોજિસ્ટિક્સ અને સુલભતામાં વધારો કરશે. પ્રધાનમંત્રી પીએમ આયુષ્માન વય વંદના યોજના, રાષ્ટ્રીય આજીવિકા મિશન અને પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્રો અને ચેકનું વિતરણ પણ કરશે.

પ્રધાનમંત્રી ઉત્તરપ્રદેશના કાનપુર નગર ખાતે લગભગ રૂ. ૨૦,૯૦૦ કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઇન - ચીફ એર માર્શલ શ્રી નગેશ કપૂર

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ઇન્ડિયન એરફોર્સના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ એર માર્શલ શ્રી નગેશ કપૂરે ગાંધીનગરમાં લીધી હતી. એર માર્શલ શ્રી નગેશ કપૂરે તાજેતરમાં ગાંધીનગર સ્થિત SWAC ખાતે એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફનો કાર્યભાર સંભાળ્યો છે. ભારતીય વાયુસેનામાં જુદા જુદા પદ પર તેઓ સેવા આપી ચૂક્યા છે અને તા. ૧ મે ૨૦૨૫થી સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ તરીકે નિયુક્ત થયા છે. શ્રી નગેશ કપૂર ૧૯૮૬માં ભારતીય વાયુસેનામાં જોડાયા છે અને ૩૮ વર્ષના સુદીર્ઘ સેવાકાળ દરમિયાન તેઓ મિગ-૨૧ અને મિગ-૨૪ સહિતના વિવિધ યુદ્ધ અને તાલીમી વિમાનનો કુલ ૩૪૦૦ કલાક થી વધુ સમયના ઉડ્ડયનનો બહોળો અનુભવ ધરાવે છે. તેમની સેવાઓની પ્રશંસા રૂપે ૨૦૦૮માં વાયુસેના મેડલ, ૨૦૨૨માં અતિ વિશિષ્ટ સેવા મેડલ અને ૨૦૨૫માં પરમ વિશિષ્ટ સેવા મેડલથી તેમને સન્માનિત કરવામાં આવેલા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે એર માર્શલ શ્રી નગેશ કપૂરે શુભેચ્છા-સૌજન્ય મુલાકાત કરીને ભારતીય વાયુ સેનાનું સ્મૃતિચિન્હ પણ તેમને અર્પણ કર્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્રના મુંબઈમાં માધવબાગ ખાતે શ્રી લક્ષ્મી નારાયણ મંદિરના ૧૫૦મી વર્ષગાંઠ સમારોહને સંબોધિત કર્યો

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ખાતરી આપી છે કે ૨૦૪૭ સુધીમાં ભારત સંપૂર્ણ રીતે વિકસિત અને દરેક ક્ષેત્રમાં નંબર વન બનશે

આતંકવાદીઓના ઘરમાં ઘૂસીને અને તેમના મુખ્યાલયનો નાશ કરીને, ભારતે ભારતની માતૃશક્તિનું મસ્તક ગર્વથી ઊંચું કર્યું છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મહારાષ્ટ્રના મુંબઈમાં માધવબાગ ખાતે શ્રી લક્ષ્મી નારાયણ મંદિરની ૧૫૦મી વર્ષગાંઠ સમારોહને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રીશ્રી એકનાથ શિંદે સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૫૦ વર્ષથી, ટ્રસ્ટના તમામ સભ્યો મંદિર, તેના ઉદ્દેશ્યો અને લોકોમાં સમાજ સેવાની મજબૂત ભાવના વિશે વાત પ્રસરાવી રહ્યા છે. તેમણે કહ્યું કે તે સમયમાં, શ્રી વરજીવનદાસ અને નરોત્તમભાઈએ આ સંસ્થાની સ્થાપના મોટા હૃદયથી કરી હતી અને સમાજ પ્રત્યેની તેમની ઉદાર ભાવના દર્શાવી હતી. ૧૮૭૫માં વિદેશી શાસનકાળ દરમિયાન એક મંદિર બનાવીને તેના માધ્યમથી સામાજિક ચેતનાનું પુનર્જાગરણ મહાન લોકો જ કરી શકતા હતા. શ્રી અમિત શાહે કહ્યું કે લક્ષ્મીનારાયણ મંદિરમાં અનેક પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને એક સમયે અહીં શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ગીતા અભ્યાસ અને સંસ્કૃત પાઠશાળા પણ ચલાવવામાં આવતી હતી. તેમણે કહ્યું કે માધવબાગ ટ્રસ્ટની રચના પવિત્રતા, સંતુલન અને સત્કર્મોના સંગમમાંથી થઈ હતી. આ પરંપરા ૧૫૦ વર્ષથી ચાલી આવી છે અને તે આપણા બધા માટે ખૂબ જ ગર્વની વાત છે. શ્રી શાહે કહ્યું કે આપણે વિચારવું પડશે કે જ્યારે આપણે ૨૦૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરીશું ત્યારે આ ટ્રસ્ટ કેવું સ્વરૂપ લેશે. તેમણે કહ્યું કે શું આપણે આ ટ્રસ્ટને એક ધાર્મિક કેન્દ્રમાં રૂપાંતરિત કરી શકીએ છીએ. જે મધ્યમ વર્ગના સમાજની બધી ચિંતાઓને દૂર કરશે. શ્રી શાહે જણાવ્યું હતું કે મધ્યમ વર્ગના બીમાર નાગરિકો માટે વિવિધ પ્રકારની આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડીને અહીં સંજીવની સેન્ટર પણ બનાવી શકાય છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ગઈકાલે જ શ્રી નરેન્દ્ર મોદીજીએ પ્રધાનમંત્રી તરીકે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા અને છેલ્લા ૧૧ વર્ષથી પ્રધાનમંત્રી મોદીજી દેશની વિકાસ યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ એવું કામ કર્યું છે કે ભારતીય હોવાનો ગર્વ થાય. દેશમાં રાજકીય ઈચ્છાશક્તિના અભાવે આઝાદી પછીના ઘણા દાયકાઓ સુધી ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી શક્યો નહીં. શ્રી શાહે કહ્યું કે ૫૫૦ વર્ષ પછી, અયોધ્યામાં ભગવાન રામનું ભવ્ય મંદિર બનાવવા માટે રાજકીય ઈચ્છાશક્તિની જરૂર હતી, જે પ્રધાનમંત્રી મોદીએ દર્શાવી. તેમણે કહ્યું કે ઔરંગઝેબ દ્વારા નાશ પામેલા કાશી વિશ્વનાથના કોરિડોરનું નિર્માણ કરીને આજે કાશી વિશ્વનાથની મહિમા વધારવાનું કાર્ય એ જ મજબૂત રાજકીય ઈચ્છાશક્તિનું પરિણામ છે. શ્રી શાહે કહ્યું કે નરેન્દ્ર મોદીજીએ યોગને વિશ્વભરના દરેક ઘરમાં લઈ જવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ ખાતરી આપી છે કે ૨૦૪૭ સુધીમાં ભારત સંપૂર્ણ રીતે વિકસિત થશે અને દરેક ક્ષેત્રમાં નંબર વન બનશે. ગૃહમંત્રીએ કહ્યું કે ભારત હવે પાછળ ફરીને જોવાની કે રોકાવાની જરૂર નથી. શ્રી અમિત શાહે કહ્યું કે આખી દુનિયા સિંદૂરનું મહત્વ જાણતી નહોતી, પરંતુ સર્જિકલ સ્ટ્રાઈકને ઓપરેશન સિંદૂર નામ આપીને, પ્રધાનમંત્રી મોદીએ આખી દુનિયાને સિંદૂરનું મહત્વ જણાવ્યું છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી મોદીએ આતંકવાદીઓના ઘરોમાં ઘૂસીને તેમના મુખ્યાલયનો નાશ કરીને ભારતની માતૃશક્તિનું મસ્તક ગર્વથી ઊંચું કરવાનું કામ કર્યું છે.

તંત્રી સ્થાનેથી......

ઈન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઈઝેશન્સ (કમાન્ડ, કંટ્રોલ અને ડિસિપ્લિન) એક્ટ ૨૦૨૩ હેઠળ ઘડવામાં આવેલા નિયમો ગેઝેટ નોટિફિકેશન દ્વારા સૂચિત કરવામાં આવ્યા છે અને ૨૭ મે, ૨૦૨૫થી અમલમાં આવશે. આ મહત્વપૂર્ણ પગલાનો હેતુ ઈન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઈઝેશન્સ (ISOs)ના અસરકારક કમાન્ડ, કંટ્રોલ અને કાર્યક્ષમ કામગીરીને પ્રોત્સાહન આપવાનો છે, જેનાથી સશસ્ત્ર દળો વચ્ચે એકતા મજબૂત બને છે. આ બિલ ૨૦૨૩ના ચોમાસુ સત્રદરમિયાન સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. તેને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી અને ૦૮ મે, ૨૦૨૪ના રોજ ગેઝેટ નોટિફિકેશન મુજબ આ કાયદો ૧૦ મે, ૨૦૨૪થી અમલમાં આવ્યો હતો. ત્યારબાદ ૨૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ગેઝેટ નોટિફિકેશન નંબર SRO 72 દ્વારા ISOsને સૂચિત કરવામાં આવ્યા હતા. આ કાયદો ISOના કમાન્ડર-ઈન-ચીફ અને ઓફિસર-ઈન-કમાન્ડને તેમના હેઠળ સેવા આપતા સેવા કર્મચારીઓ પર કમાન્ડ અને નિયંત્રણનો ઉપયોગ કરવાની સત્તા આપે છે, જેનાથી સંગઠનોમાં શિસ્ત અને વહીવટની અસરકારક જાળવણી સુનિશ્ચિત થાય છે.

કમલમ્,
અમદાવાદ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે માસના ચોથા મંગળ દિવસ અંતર્ગત થીમ મુજબ પૂર્ણા દિવસ અને વિશ્વ માસિક સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્રોમાં 'રેડ ડોટ ચેલેન્જ' હેઠળ કિશોરીઓ દ્વારા બ્રેસલેટ બનાવવામાં આવ્યા હતા. સાથે જ, આંગણવાડી કેન્દ્રો ખાતે કિશોરીઓનું વજન અને ઊંચાઈ કરવામાં આવ્યા હતા. કિશોરીઓને પૂર્ણા શક્તિ, ટેક હોમ રાશન (THR)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આંગણવાડી કાર્યકર દ્વારા કિશોરીઓને માસિક સ્વચ્છતા વિશેનું માર્ગદર્શન આપી પૂર્ણા શક્તિ, ટેક હોમ રાશન (THR) નાઉપયોગ અને મહત્વ સાથે હીમોગ્લોબિન અને BMI (બોડી માસ ઈન્ડેક્સ)ની સમજ આપવામાં આવી હતી.

વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનની તૈયારીઓ પૂર્ણ, વૈજ્ઞાનિકો ગામડાઓમાં જશે અને ખેડૂતો સાથે સંવાદ કરશે

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહની પહેલ પર દેશભરમાં વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ ૧૫ દિવસના અભિયાન દરમિયાન લગભગ ૨૦ રાજ્યોની મુલાકાત લેશે

કમલમ્,
કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણની પહેલ પર શરૂ થઈ રહેલા રાષ્ટ્રવ્યાપી 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' માટેની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ અભિયાન ૨૯ મેના રોજ પુરી (ઓડિશા)ની પવિત્ર ભૂમિથી શરૂ કરવામાં આવશે, જ્યાં કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ પણ ભાગ લેશે. આ ૧૫ દિવસના વિશાળ અભિયાન દરમિયાન, શ્રી ચૌહાણ લગભગ ૨૦ રાજ્યોની મુલાકાત લેશે અને ખેડૂતો અને વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરશે તેમજ તેમની સાથે સીધો સંપર્ક કરશે. ૨૯ મેના રોજ ઓડિશા પછી, કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ ૧૨ જૂન સુધીના અભિયાન દરમિયાન જમ્મુ, રાજસ્થાન, ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, આસામ, મેઘાલય, કર્ણાટક, તમિલનાડુ, તેલંગણા, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, દિલ્હી અને છત્તીસગઢમાં ખેડૂતો અને વૈજ્ઞાનિક ટીમો સાથે સંવાદમાં ભાગ લેશે. આ ઝુંબેશના હેતુઓમાં, ખેડૂતોને ચોક્કસ પ્રદેશ માટે ખરીફ ઋતુમાં ઉગાડવામાં આવતા મુખ્ય પાક સંબંધિત આધુનિક તકનીકો વિશે જાગૃત કરવાનો, ખેડૂતો માટે ઉપયોગી સરકારી યોજનાઓ અને નીતિઓ વિશે તેમને જાગૃત કરવા, ખેડૂતોને માટી આરોગ્ય કાર્ડમાં સૂચવેલા વિવિધ પાકોની પસંદગી અને સંતુલિત ખાતરોના ઉપયોગ વિશે જાગૃત કરવા અને શિક્ષિત કરવા અને ખેડૂતો પાસેથી પ્રતિસાદ મેળવવાનો સમાવેશ થાય છે. જેથી તેમના દ્વારા કરવામાં આવેલા નવીનતા વિશે વૈજ્ઞાનિક માહિતી મેળવીને સંશોધનની દિશા નક્કી કરી શકાય. ખરીફ સિઝનમાં ખેડૂતોને સીધો લાભ આપવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા રાજ્ય સરકારોના સહયોગથી ૨૯ મેથી ૧૨ જૂન દરમિયાન ૭૦૦થી વધુ જિલ્લાઓમાં રાષ્ટ્રવ્યાપી 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવશે. આ સમય દરમિયાન, વૈજ્ઞાનિકોની ટીમ ગામડાઓની મુલાકાત લેશે અને ખેડૂતો સાથે વાતચીત કરશે. આ અભિયાનમાં દેશભરના તમામ ૭૩૧ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVK), ICARની તમામ ૧૧૩ સંસ્થાઓ, રાજ્ય સ્તરના વિભાગો અને કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ સાથે સંકળાયેલા અન્ય લોકો ભાગ લેશે.

આ ઝુંબેશનો ઉદ્દેશ્ય વિવિધ રાજ્યોના લગભગ ૧.૫ કરોડ ખેડૂતો સુધી પહોંચવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો અને સાથે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના "લેબ ટુ લેન્ડ"ના વિઝનને સાકાર કરવાનો છે. કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ કહે છે કે- આ અભિયાન કૃષિના વિકાસમાં તેમજ પ્રધાનમંત્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર ટ્રેક કાર્યમાં ઝડપી ગતિ



કમલમ્,
મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર ટ્રેક બિછાવવાનું કામ ઝડપ પકડતું જાય છે. ગુજરાતના વિવિધ સ્થળોએ વાયડક્ટ પર ટ્રેક સ્લેબ બિછાવવાનો તથા સીએએમ (સિમેન્ટ એસ્ફાલ્ટ મોર્ટાર) ભરવાનો આરંભ થઈ ગયો છે. ગુજરાતમાં અત્યાર સુધી આશરે ૧૬૦ કિમી ટ્રેક બેડ બાંધકામ પૂર્ણ થયું છે. આશરે ૩૯,૫૦૦ ટ્રેક સ્લેબ કાસ્ટ કરવામાં આવ્યા છે, જે લગભગ ૧૯૭ કિમી ટ્રેક જેટલા છે.

ફ્લેશ બટ વેલ્ડિંગ

૨૫ મીટર લાંબા અને ૬૦ કિલોગ્રામના રેલ્સ ફ્લેશ બટ વેલ્ડિંગ મશીન (એફબીડબલ્યુએમ) દ્વારા વેલ્ડ કરીને વાયડક્ટ ઉપર ટીસીબી (ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝ) પર ૨૦૦ મીટર લાંબા પેનલ બનાવવામાં આવે છે. હાલમાં ચાર એફબીડબલ્યુએમ કાર્યરત છે. ૧૫૪૩થી વધુ રેલ પેનલ (૨૦૦ મીટર લાંબા) એટલે કે ૧૫૪ કિમીથી વધુ ટ્રેક રેલ્સ, વેલ્ડ કરવામાં આવ્યા છે. ટ્રેક સ્થાપન પ્રક્રિયા ભારતમાં ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવેલ અદ્યતન મશીનરીથી મિકેનાઈઝ્ડ છે. આ મેક ઈન ઈન્ડિયા ટ્રેક બાંધકામ મશીનરીમાં સમાવેશ થાય છે:

૧. રેલ ફીડર કાર (આરએફસી)

૨૦૦ મીટર લાંબા પેનલ આરએફસીમાં લોડ કરી આરસી ટ્રેક બેડ પર બિછાવવામાં આવે છે. આરએફસી રેલ જોડીને આરસી બેડ પર ધકેલશે અને પ્રાથમિક રીતે કાર્યકારી ટ્રેક આરસી બેડ પર બિછાવવામાં આવશે. હાલમાં સુરત અને આણંદ જિલ્લામાં એક એક આરએફસી કાર્યરત છે. આજની તારીખ સુધી આશરે ૭૮ કિમી લાંબુ કાર્યકારી ટ્રેક બિછાવવામાં આવ્યું છે.

૨. ટ્રેક સ્લેબ લેયિંગ કાર (એસએલસી)

પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબો વાયડક્ટ પર ઉઠાવીને ખાસ ડિઝાઈન કરેલા એસએલસીમાં લોડ કરવામાં આવે છે અને ટ્રેક બિછાવવાની જગ્યા પર લઈ જવામાં આવે છે. એસએલસી, જે એક સમયે ૫ સ્લેબ ઉઠાવી શકે છે, તેનો ઉપયોગ કરીને ટ્રેક સ્લેબો આરસી ટ્રેક બેડ પર બિછાવવામાં આવે છે. હાલમાં બિલીમોરા અને વડોદરા જિલ્લામાં એક એક એસએલસી કાર્યરત છે.

૩. સિમેન્ટ અસ્ફાલ્ટ મોર્ટાર ઈન્જેક્શન કાર (સીએએમ)

ટ્રેક સ્લેબો આરસી બેડ પર બિછાવ્યા પછી, સીએએમ કાર બીજા ટ્રેક પર ચાલે છે (અથવા બંને યુપી અને ડીએન લાઈન પર કાર્યકારી પ્રમાણભૂત ગેજ ટ્રેક બિછાવવાની જરૂર છે). આ સીએએમ કાર નિર્ધારિત પ્રમાણમાં સીએએમ ઘટકોને મિક્સ કરે છે અને ત્યારબાદ, સીએએમ મિક્સ સ્લેબની નીચે (ખાસ બેગોમાં) ઈન્જેક્ટ કરવામાં આવે છે જેથી અંતિમ ટ્રેકની જરૂરી લાઈન અને સ્તર જાળવી શકાય. હાલમાં બીલીમોરા અને વડોદરા જિલ્લામાં એક એક સીએએમ કાર કાર્યરત છે.

ગુજરાતની ત્રણ હસ્તીઓ પદ્મ એવોર્ડથી સન્માનિત

ભારતના રાષ્ટ્રપતિએ ગુજરાતના શ્રીમતી કુમુદિની લાખિયા (મરણોત્તર)ને કલા ક્ષેત્રમાં પદ્મ વિભૂષણ, શ્રી લવજીભાઈ નાગજીભાઈને કલા ક્ષેત્રમાં પદ્મશ્રી અને શ્રી ચંદ્રકાંત બળવંતરાય સોમપુરા (અન્ય - સ્થાપત્ય)ને પદ્મશ્રી એનાયત કર્યા

શ્રીમતી કુમુદિની લાખિયા



શ્રી લવજીભાઈ નાગજીભાઈ પરમાર

શ્રી ચંદ્રકાંત બળવંતરાય સોમપુરા

કમલમ્,
ભારતના રાષ્ટ્રપતિએ આજે નવી દિલ્હીમાં આયોજિત એક નાગરિક અલંકરણ સમારોહમાં શ્રીમતી કુમુદિની લાખિયા (મરણોત્તર), કલા ક્ષેત્રમાં શ્રી લવજીભાઈ નાગજીભાઈને પદ્મશ્રી અને ગુજરાતના શ્રી ચંદ્રકાંત બળવંતરાય સોમપુરા (અન્ય - સ્થાપત્ય)ને પદ્મવિભૂષણ એનાયત કર્યા પુરસ્કાર વિજેતાઓના જીવન અને કાર્યોનો સંક્ષિપ્ત અહેવાલ નીચે આપેલો છે -

શ્રીમતી કુમુદિની લાખિયા (મરણોત્તર)

શ્રીમતી કુમુદિની લાખિયા એક પ્રખ્યાત કથક નૃત્યાંગના હતા. જેમની નૃત્ય કારકિર્દી ૭૫ વર્ષથી વધુ લાંબી હતી. ૧૭ મે, ૧૯૩૦ના રોજ જન્મેલા શ્રીમતી લાખિયાએ અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી કૃષિ વિજ્ઞાનમાં શિક્ષણ મેળવ્યું હતું. નૃત્ય ક્ષેત્રે તેણીની સફર ૧૭ વર્ષની ઉંમરે આકસ્મિક રીતે શરૂ થઈ, જ્યારે પ્રખ્યાત ભારતીય નર્તક શ્રી રામ ગોપાલે તેણીને પોતાના સાથી તરીકેની ભૂમિકા ઓફર કરી હતી. તેમની સાથે તેમણે વિશ્વભરમાં પ્રવાસ કર્યો અને આ અનુભવે નૃત્ય પ્રત્યેના સર્વાંગી અભિગમ અને આ ક્ષેત્ર પ્રત્યેની તેમની આજીવન પ્રતિબદ્ધતાનો પાયો નાખ્યો. તેમને નવી દિલ્હીના શ્રી રામ ભારતીય કલા કેન્દ્ર ખાતે મહાન ગુરુ શ્રી શંભુ મહારાજજી પાસેથી કથકમાં વધુ તાલીમ લેવા માટે ભારત સરકારની શિષ્યવૃત્તિ મળી હતી. પચાસથી વધુ દેશોમાં નૃત્યાંગના તરીકે લાંબી અને સફળ કારકિર્દી પછી, શ્રીમતી લાખિયાએ એકલ કલાકાર તરીકેની કારકિર્દી છોડી દીધી અને ૧૯૬૪માં અમદાવાદમાં કદંબ નૃત્ય કેન્દ્ર શરૂ કર્યું, જ્યાં તેમણે કથક નૃત્યની તકનીક, શબ્દભંડોળ અને પ્રસ્તુતિ વિકસાવવા પર પોતાની ઊર્જા અને દ્રષ્ટિ કેન્દ્રિત કરી હતી. કથક માટે તેમના લાંબા પ્રયાસમાં, તેમણે તેને તેની ગ્રામીણ અને મંદિર પૃષ્ઠભૂમિ અને દેવદાસીઓના નૃત્ય હોવાના કલંકથી બચાવ્યું અને તેને ભારતીય સામાજિક માળખાની ઊંચાઈએ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉંચુ કર્યું અને ભારતની પ્રાચીન શાસ્ત્રીય કળાઓમાં તેનું યોગ્ય સ્થાન આપ્યું. તેમણે પોતાના વિદ્યાર્થીઓને સખત દિનચર્યામાં તાલીમ આપી અને તેમની મદદથી, તેમણે ૧૯૭૩માં કોરિયોગ્રાફી અને નૃત્ય ડિઝાઈનિંગ શરૂ કર્યું હતું. તેમની પર્ફોર્મિંગ કંપની કદંબે વિશ્વભરમાં (ચાળીસથી વધુ દેશો) વ્યાપક પ્રવાસ કર્યો છે, જ્યાં તેને વિવેચકો તરફથી પ્રશંસા અને પરખુ લોકો તરફથી આવકાર મળ્યા છે. કદંબે કથક નૃત્ય શૈલીના વિષય અને તેની નૃત્ય નિર્દેશન પ્રત્યે બુદ્ધિશાળી અભિગમ લાવીને તેને એક નવું પરિમાણ આપ્યું છે. કદંબ ડાન્સ સેન્ટરે કથક નૃત્ય શૈલીની વાર્તા દ્વારા ભારતની વાર્તાને જીવંત કરી છે. શ્રીમતી લાખિયાને ૧૯૮૭માં 'પદ્મશ્રી' અને ૨૦૧૦માં 'પદ્મ ભૂષણ'થી નવાજવામાં આવ્યા હતા. ૧૯૯૦માં તેમને ગુજરાત સરકાર તરફથી 'પંડિત ઓમકારનાથ પુરસ્કાર', ૨૦૦૩માં મધ્યપ્રદેશ સરકાર તરફથી 'કાલિદાસ સન્માન', ૨૦૧૨માં કેન્દ્રીય સંગીત નાટક એકેડેમી તરફથી 'ટાગોર રત્ન' અને ૨૦૨૧માં કેરળ સરકાર તરફથી 'ગુરુ ગોપીનાથ રાષ્ટ્રીય નાટ્ય પુરસ્કાર' મળ્યો હતો. ૨૦૨૧માં તેમને ગ્વાલિયરની આઈટીએમ યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. તેઓ કાઉન્સિલ ઈન્ટરનેશનલ ડેલા ડાન્સે (સીઆઈડી, પેરિસ), સંગીત નાટક અકાદમી (નવી દિલ્હી), કલાક્ષેત્ર (ચેન્નાઈ), કથક કેન્દ્ર (નવી દિલ્હી), ભારતીય સાંસ્કૃતિક સંબંધો પરિષદ (નવી દિલ્હી) જેવી મહત્વપૂર્ણ સંસ્થાઓના સલાહકાર બોર્ડમાં રહી ચૂક્યા છે. શ્રીમતી લાખિયાનું ૧૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અવસાન થયું.

શ્રી લવજીભાઈ નાગજીભાઈ પરમાર

શ્રી લવજીભાઈ નાગજીભાઈ પરમાર ટાંગલિયા હસ્તકલાના અનુભવી વણકર છે, જેમણે ટાંગલિયા વણાટની કળામાં નિપુણતા મેળવી છે. ૨૮ જુલાઈ ૧૯૫૯ના રોજ જન્મેલા શ્રી પરમારે ગુજરાતના વઢવાણમાં ૮માં ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમણે તેમના પિતા સાથે પરંપરાગત ટાંગલિયા હસ્તકલામાં કામ કરવાનું શરૂ કર્યું હતું. ટાંગલિયા વણાટ, જેને દાણા વણાટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશની ૭૦૦ વર્ષ જૂની વણાટ તકનીક છે. આ હસ્તકલાની વિશિષ્ટતા વાર્પ થ્રેડની આસપાસ વેફ્ટને ફેરવીને બનાવેલ ડોટ પેટર્નમાં રહેલી છે, જે ફેબ્રિક પર ભરતકામ જેવુ મણકાનું કામ બનાવે છે. તે આ કારીગરી પ્રત્યે અત્યંત ઉત્સાહી છે અને તેમણે ખાતરી કરી કે તે તેની સાથે સંકળાયેલી બધી કુશળતા અને જ્ઞાનમાં નિપુણતા ધરાવે છે. શ્રી પરમારે તેમની વણાટ તકનીકમાં વધુ સુધારો કરવા માટે વીવર્સ સર્વિસ સેન્ટર, અમદાવાદમાંથી તાલીમ લીધી છે. તેમણે અહીંથી ૪ મહિનાની તાલીમ પૂર્ણ કરી અને તે તાલીમને પોતાની કારીગરીમાં લાગુ કરી અને આ કલા સાથે સંકળાયેલા વણકરોને તેમની ઉત્પાદકતા અને ઉત્પાદન ગુણવત્તા સુધારવામાં મદદ કરી. હસ્તકલા ક્ષેત્રે અને સમાજ માટેના તેમના કાર્યને કારણે તેમને ૧૯૯૦માં ભારત સરકારના કાપડ મંત્રાલય તરફથી તેમના ટાંગલિયા વૂલન શાલ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. આ કારીગરીને પુનર્જીવિત કરવામાં અને યુવા વણકરોને ટેકો આપવામાં તેમના યોગદાનને આ પ્રદેશમાં વ્યાપકપણે માન્યતા આપવામાં આવે છે. આ હેતુને ટેકો આપવા માટે, તેઓ યુવા પેઢીને તાલીમ આપી રહ્યા છે અને આ હસ્તકલાની દૃશ્યતા વધારવા અને બજારના વલણોને સમજવા માટે દેશભરમાં મુસાફરી કરી રહ્યા છે. ૧૯૯૬-૨૦૦૬ના સમયગાળા દરમિયાન, કાચા માલની ઊંચી કિંમત, બજારની મોસમ અને ગ્રાહકોના કૃત્રિમ વસ્ત્રો પ્રત્યેના બદલાતા વલણને કારણે ટાંગલિયા વણકરોને આર્થિક તકલીફનો સામનો કરવો પડ્યો. ઘટતા માર્જિનને કારણે લગભગ ૩૦૦-૩૫૦ વણકરોને ટાંગલિયા વણાટ છોડી દેવાની ફરજ પડી હતી. પરંતુ શ્રી પરમારે વણાટ પ્રત્યેનો તેમનો જુસ્સો ચાલુ રાખ્યો છે. તેમના અવલોકનના આધારે, તેમણે વણાટ તકનીકમાં કેટલાક નવીન ફેરફારો કર્યા છે, પિટ લૂમથી હાથવણાટ તરફ સ્થળાંતર કર્યું છે, કપાસ રજૂ કરીને ઉત્પાદનને વધુ ગ્રાહક મૈત્રીપૂર્ણ બનાવ્યું છે અને નવી ડિઝાઈન લાવીને અને ઉત્પાદનોમાં ફેરફાર કર્યા છે. તેમના સતત પ્રયાસોએ માત્ર કારીગરીને ટકાવી રાખી છે અને સાચવી રાખી છે, પરંતુ ટાંગલિયા વણકરોમાં પણ રસ પેદા કર્યો છે અને ફેક્ટરીમાં દૈનિક વેતન મજૂર તરીકે કામ કરતા ઘણા વણકર કારીગરો માં જોડાયા છે. તેમણે વણકરોને લૂમ અને શેડ હેઠળ જગ્યા પૂરી પાડી છે. જેથી તેઓ નવી ટેકનિક શીખી શકે અને ફરીથી વણાટ શરૂ કરી શકે. વર્ષ ૨૦૧૯માં, શ્રી પરમારને ભારત સરકારના કાપડ મંત્રાલય તરફથી સંત કબીર પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. તેમને આ પુરસ્કાર કુદરતી રીતે રંગાયેલી ટાંગલિયા સાડીના વિશિષ્ટ ડોટેડ પેટર્ન સાથે વણાટ બદલ મળ્યો હતો.

શ્રી ચંદ્રકાંત બળવંતરાય સોમપુરા

શ્રી ચંદ્રકાંત બળવંતરાય સોમપુરા એક પ્રખ્યાત મંદિર સ્થપતિ છે - જેમણે ઉચ્ચ ધાર્મિક મૂલ્ય ધરાવતા અનેક મંદિરોમાં યોગદાન આપ્યું છે. ૮ નવેમ્બર, ૧૯૪૩ના રોજ ગુજરાતના પાલિતાણામાં જન્મેલા શ્રી સોમપુરાએ તેમની સ્થાપત્ય યાત્રા બાળપણમાં જ શરૂ કરી હતી. ૧૯૬૭માં તેમના પિતાના અવસાન પછી, તેમના દાદા (પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ, શ્રી. પ્રભાશંકર ઓ. સોમપુરા) એ માર્ગદર્શકની ભૂમિકા સંભાળી. શ્રી સોમપુરાએ ૧૯૬૭માં આરસપહાણના વ્યવસાયમાં પોતાની કારકિર્દી શરૂ કરી હતી અને બાદમાં મંદિર સ્થાપત્યનો કૌટુંબિક વ્યવસાય સંભાળ્યો હતો. શામળાજી મંદિરના નવીનીકરણ સ્થળે, તેમણે વ્યવહારુ જ્ઞાન મેળવ્યું, જ્યાં તેમણે શિલ્પ દ્વારા સમાંતર સાહિત્યનો અભ્યાસ ચાલુ રાખ્યો. તેમને તેમના પ્રખ્યાત દાદા સાથે ૧૫ વર્ષ સુધી કામ કરવાનો લહાવો મળ્યો છે. તેમણે કારીગરી પર સાહિત્ય પ્રકાશિત કરવાનો પણ અનુભવ મેળવ્યો છે. તેમના દાદાના માર્ગદર્શન હેઠળ, તેમણે સર્જનાત્મક કલાકૃતિઓ ડિઝાઈન કરી, જેમાં શ્રી હસ્તગિરી ૭૨ જિનાલય, પાલિતાણા, ગુજરાત, શ્રી શેષશાયી વિષ્ણુ મંદિર, નાગડા, એમ.પી. અને ઉત્તર પ્રદેશના શ્રી રેણુકટેશ્વર મહાદેવ મંદિરનો સમાવેશ થાય છે. ૧૯૭૯માં, શ્રી સોમપુરાએ તેમના સ્વર્ગસ્થ દાદા દ્વારા સ્થાપિત સંગઠિત વ્યવસાય સંભાળ્યો અને અનેક પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા હતા. તેમનો ઉદ્દેશ્ય આ સ્થાપત્યને જીવંત રાખવાનો અને તેને તેમના દાદાએ જે સમૃદ્ધિ મેળવવાનો હતો તે આપવાનો હતો. તેમણે પોતાની સ્થાપત્યકળાને વધુ શુદ્ધ કરી અને અક્ષર ધામ-ગાંધીનગરનું નિર્માણ કર્યું, શિવમંદિર-સિંગાપોર, વિષ્ણુ મંદિર, બેંગકોક, ઈન્ડોનેશિયા, સ્વામી નારાયણ મંદિર-લંડન, અંબાજી માતાજી-અંબાજી, જૈન દેરાસર-(શિકાગો અને હ્યુસ્ટન, યુએસએ), સ્વામિનારાયણ મંદિર-સુરત અને મુંબઈ, ૧૦૮, પાર્શ્વનાથ ભક્તિ વિહાર-શંખેશ્વર, સાંવરિયાજી મંદિર ચિત્તોડ, પ્રભાસ પાટણમાં સોમનાથ મંદિરનો નૃત્ય મંડપ, બહુચરાજી મંદિર, ભાવનગર, ગુજરાત, આવા મંદિરોએ મૂલ્યવાન મંદિરોની રચનામાં તેમની કુશળતાનો ઉપયોગ કર્યો છે. 'અક્ષરધામ' જેવા મંદિરો અને વિદેશમાં આવેલા મંદિરોએ શ્રી સોમપુરાને આ ક્ષેત્રમાં અગ્રણી બનાવ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ તેમના દ્વારા તૈયાર કરાયેલા અયોધ્યામાં શ્રી રામ મંદિર માટેની યોજનાઓ તેમના અભિવ્યક્તિ તરીકે નિર્માણાધીન છે. પ્રકાશનના ક્ષેત્રમાં, "પ્રતિમા કલા નિધિ" અને "વાસ્તુ કલા નિધિ"માં વિવિધ ચિત્રોની તૈયારી તેમનું યોગદાન છે. તેમણે તેમના દાદા દ્વારા અધૂરા છોડી દેવાયેલા "વાસ્તુની ઘંટુ"નું પ્રકાશન પૂર્ણ કર્યું, જેમાં તેમનું મુખ્ય ધ્યાન મંદિરોના વિકાસ પર હતું. તેઓ નજીકના ભવિષ્યમાં બે અધૂરા ગ્રંથો પ્રકાશિત કરવાનો અને તેમના સ્વર્ગસ્થ દાદાના અમૂલ્ય કાર્યોનું પુનઃમુદ્રણ કરવાનો ઈરાદો ધરાવે છે. શ્રી સોમપુરા અનેક સન્માન અને પુરસ્કારો પ્રાપ્ત કરનાર છે. ૧૯૯૫માં લંડન ખાતે સ્વામી નારાયણ મંદિર ખાતે તેમના માસ્ટર વર્ક માટે તેમને 'આર્કિટેક્ટ અને ડિઝાઈન' માટે ખાસ પુરસ્કાર મળ્યો છે. ભારતભરમાં તેમના કાર્યો માટે તેમને 'ધ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ' તરફથી પુરસ્કારો મળ્યા છે. 'એબીપી અસ્મિતા સન્માન પુરસ્કાર' અને ન્યૂઝ ૧૮ ઈન્ડિયા અમૃત રત્ન એવોર્ડ' જેવા વિવિધ સમાચાર અને પ્રકાશનો તરફથી તેમના નામ હેઠળ માન્યતાઓ આપવામાં આવી છે. 'શ્રી ગુરુજી પુરસ્કાર', 'સ્ટોન ફેડરેશન નેચરલ સ્ટોન એવોર્ડ', 'જેસીએઆરસી એવોર્ડ', 'શ્રી ભાગવત ભવન' સંસ્થા દ્વારા તેમના યોગદાન બદલ તેમને મળેલા કેટલાક પુરસ્કારો છે.

ડીઆરઆઈએ ઉત્તરપૂર્વમાં બે કાર્યવાહીમાં લગભગ ૨૩.૫ કરોડ રૂપિયાનું હેરોઈન અને મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું; ચાર ડ્રગ પેડલરની ધરપકડ

કમલમ્,
પૂર્વોત્તર ક્ષેત્રમાં પ્રતિબંધિત ડ્રગ્સની દાણચોરી અને હેરફેર સામેની કાર્યવાહી ચાલુ રાખતા, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) એ ૧૯ બટાલિયન આસામ રાઈફલ્સની મદદથી ૨૧.૫.૨૦૨૫ના રોજ NH-37 પર નોની, મણિપુર ખાતે એક ટ્રકને અટકાવી હતી અને ૫૬૯ ગ્રામ હેરોઈન અને ૧,૦૩૯ ગ્રામ મેથામ્ફેટામાઈન ગોળીઓ જપ્ત કરી હતી. ટ્રકના ચેસિસ પર ખાસ બનાવેલા પોલાણ/ચેમ્બરમાં દાણચોરી કરાયેલા ડ્રગ્સ ધરાવતા પેકેટો મળી આવ્યા હતા. અન્ય એક કાર્યવાહીમાં, ડીઆરઆઈએ આસામ રાઈફલ્સના એફઆઈયુ યુનિટ સિલચરની મદદથી ૨૨.૦૫.૨૦૨૫ના રોજ આસામના હૈલાકાંડી જિલ્લાના અલોઈચેરા ખાતે એક ટ્રકને અટકાવ્યો અને ૨,૬૪૦.૫૩ ગ્રામ હેરોઈન જપ્ત કર્યું. ડ્રગ ધરાવતા પેકેટો ટ્રકના બે ડલોડ ફ્લોર પર ખાસ બનાવેલા/બનાવેલા પોલાણમાં ઊંડા છુપાવેલા હતા. જપ્ત કરાયેલા પ્રતિબંધિત ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય ગ્રે ડ્રગ માર્કેટમાં આશરે રૂ. ૨૩.૫ કરોડ છે. તેમને NDPS એક્ટ, ૧૯૮૫ હેઠળ જપ્ત કરવામાં આવ્યા છે અને ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, DRI એ ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં રૂ. ૧૭૩ કરોડના ગાંજા, મેથામ્ફેટામાઈન ગોળીઓ અને હેરોઈન જેવા પ્રતિબંધિત પદાર્થો જપ્ત કર્યા છે અને ૨૬ લોકોની ધરપકડ કરી છે.

દંત અને ત્વચારોગ આરોગ્યસંભાળ સેવાઓમાં GST લાગુ પડવાની ક્ષમતા, લાભો અને પાલન





કમલમ્,
સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટેક્સપેયર સર્વિસીસના અમદાવાદ ઝોનલ યુનિટે 'ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન' ગુજરાત રાજ્ય શાખા અને 'ઈન્ડિયન એસોસિએશન ઓફ ડર્મેટોલોજિસ્ટ્સ, વેનેરિયોલોજિસ્ટ્સ એન્ડ લેપ્રોલોજિસ્ટ્સ' મધ્યપ્રદેશ ચેપ્ટરના સહયોગથી આજે ૨૭ મે ૨૦૨૫ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાથી વેબિનાર દ્વારા ટેક્સપેયર આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. વેબિનાર વર્ચ્યુઅલ મોડમાં યોજાયો હોવાથી, ઉપરોક્ત બે એસોસિએશનના ઘણા બહારના સભ્યો પણ આ કાર્યક્રમમાં ભાગ લઈ શક્યા અને આ આઉટરીચ પ્રોગ્રામનો લાભ મેળવી શક્યા હતા. શ્રી સુમિત કુમાર (IRS) પ્રો એડિશનલ ડાયરેક્ટર જનરલ, DGTS, AZU તેમનું સ્વાગત પ્રવચન આપી રહ્યા છે. ડૉ. ગૌતમ મદન, માનદ સચિવ, ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન, ગુજરાત રાજ્ય શાખા કાર્યક્રમ દરમિયાન સંબોધન કરી રહ્યા છે આજના માહિતીપ્રદ સત્રને ખાસ કરીને દંત ચિકિત્સા અને ત્વચારોગ વિજ્ઞાન ક્ષેત્રમાં પ્રેક્ટિસ કરતા ડોક્ટરો/મેડિકલ પ્રેક્ટિશનરો/ક્લિનિક્સ માટે તૈયાર કરવામાં આવ્યું હતું. કારણ કે તે બંને તબીબી, સર્જિકલ અને કોસ્મેટિક પ્રક્રિયાઓ/સારવારોની વિશાળ શ્રેણી પૂરી પાડે છે. જેમાં કેટલીક પ્રક્રિયાઓ GSTને પાત્ર છે અને મોટાભાગની સારવાર GSTમાંથી મુક્ત છે. આજના નિષ્ણાત વક્તા તરીકે CA, શ્રીમતી પાયલ (પ્રેરણા) રમણીકભાઈ શાહ હતા. સત્રમાં GST પ્રક્રિયાના તમામ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સંબંધિત શરતોની વ્યાખ્યા, આરોગ્યસંભાળ સેવાઓમાં ઉપલબ્ધ મુક્તિ, GST નોંધણી માટે થ્રેશોલ્ડની ગણતરી, ITC પાત્રતા અને રેકોર્ડ જાળવવા વગેરેનો સમાવેશ થતો હતો સેન્ટ્રલ GST વિભાગની આ પહેલની મોટી સંખ્યામાં સહભાગીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી અને વિગતોથી ભરપૂર પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન તેમની સક્રિય સહભાગીતાને સ્પીકર તેમજ વેબિનાર દરમિયાન હાજર અન્ય વિભાગીય અધિકારીઓ દ્વારા સક્રિયપણે પ્રતિસાદ આપવામાં આવ્યો હતો. DGTS AZU નજીકના ભવિષ્યમાં તબીબી વ્યાવસાયિકો અને હોસ્પિટલોના મોટા જૂથના લાભ માટે આવા વધુ કાર્યક્રમોનું આયોજન કરવાની યોજના ધરાવે છે. ભવિષ્યમાં યોજાનાર પ્રસ્તાવિત વેબિનારમાં જોડાવા માટે અપડેટ્સ અને લિંક્સ માટે કૃપા કરીને DGTS નાટ્વિટર હેન્ડલ @AhmedabadDgts ની મુલાકાત લેવાની ભલામણ કરવામાં આવી છે.

"વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી નિમિત્તે પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ તરફ રાજ્યની વિશેષ પહેલ

રાજ્યભરમાં તા. ૨૨ મે-૨૦૨૫થી શરૂ કરાયેલા અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૫.૭૦ લાખ કિલોગ્રામ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરાયો

કમલમ્,

"વિશ્વપર્યાવરણ દિવસ-૨૦૨૫ની ઉજવણીનિમિત્તે પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ તરફ ગુજરાતે મહત્વપૂર્ણ પહેલ કરી છે. રાજ્યભરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તેમજ વન-પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા અને રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં તા. ૨૨ મે-૨૦૨૫થી શરૂ કરાયેલા અભિયાનમાં હેઠળ અત્યાર સુધીમાં કુલ ૫.૭૦ લાખ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEF&CC) દ્વારા "વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" થીમ સાથે વિશ્વ પર્યાવરણ દિવસ (WED) ૨૦૨૫ની ઉજવણી ગુજરાત સહિત દેશભરમાં તા. ૨૨મે થી ૫ જૂન ૨૦૨૫ સુધીકરવાનું નક્કીકરાયું છેજેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળીરહ્યોછે. આ બે અઠવાડિયાના રાષ્ટ્રવ્યાપી અભિયાન થકી પ્લાસ્ટિક પ્રદૂષણની અસર અંગે જનજાગૃતિ લાવવા અનેસંતુલિત વિકલ્પોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

આ અભિયાન અંતર્ગત સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૩૦૦થી વધુ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં ૬૬,૧૫૦ થી વધુ પર્યાવરણ પ્રેમી સ્વયંસેવકો સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્રિકરણ, સ્વચ્છતાઅભિયાન, પ્લાસ્ટિક જપ્ત કરી અને દંડ લાદવો, ઉદ્યોગોમાં વૃક્ષારોપણ, પ્રતિજ્ઞા સમારોહ અને પ્લાસ્ટિક સંગ્રહ, રેલીઓનું આયોજન, બજારોમાં ૭૦૦ થી વધુ કપાસની થેલીઓનું વિતરણ, વર્ગીકરણ પર સેમિનાર, ઘન કચરા વ્યવસ્થાપન અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો વિષય પર સેમિનાર વગેરે જનજાગૃતિની પ્રવૃત્તિઓમાંસહભાગી થયા છે. ગુજરાતપોલ્યુશન કંટ્રોલ બોર્ડ-GPCBના સંકલનમાંરહીને ગુજરાતપર્યાવરણ પ્રબંધ સંસ્થાન-GEMI સહિત રાજ્યની તમામ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા જિલ્લા પ્રાદેશિક કચેરીઓએ તેમના સ્તરે પ્લાસ્ટિક કચરા સંગ્રહ અભિયાનનુ આયોજન હાથધર્યું છે. તમામ નગર પાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોએ પોતપોતાના સ્તરે પ્લાસ્ટિક કચરો સંગ્રહ અભિયાનમાં ભાગ લીધો છે જેના પરિણામે અત્યાર સુધીમાં સામૂહિક રીતે ૫.૭૦ લાખ કિલોથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવામાં સફળતા મળી છે. વન અને પર્યાવરણ વિભાગ, આબોહવા પરિવર્તન વિભાગ, ઉદ્યોગો અને ખાણ વિભાગ, ગ્રામીણ ગૃહનિર્માણ અને ગ્રામીણ વિકાસ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સહિતના વિભાગો આ પહેલમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

- **અભિયાનના ભાગરૂપે અત્યાર સુધીમાં ૬૬ હજારથી વધુ નાગરિકો ૧૩૦૦ થી વધુ કાર્યક્રમોમાં સહભાગી થયા**
- **"વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" થીમ સાથે તા. ૨૨ થી ૫ જૂન ૨૦૨૫ સુધી અભિયાન યોજાશે**
- **અભિયાનને સફળ બનાવવા વન વિભાગ, GPCB, GEMI સહિત વિવિધ સંસ્થાઓ સહભાગી**

અસરકારક સંકલન અનેદેખરેખ સુનિશ્ચિત કરવા માટે, ભારતસરકારનાપર્યાવરણ, વન અને આબોહવાપરિવર્તન મંત્રાલય દ્વારા મેરી લાઈફ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ પર અભિયાનના ભાગ રૂપે દેશભરમાં હાથ ધરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓનુ રિપોર્ટિંગ કરવામાં આવશે.

GEMI દ્વારા હાથ ધરાયેલી વિવિધ પ્રવૃત્તિઓ :

નદી સફાઈ ઝુંબેશઃ મહિસાગર નદીના ગલતેશ્વર પટ ખાતે તા.૨૨ થી ૨૩ મે દરમિયાન ૫૫ સ્વયંસેવકોની ટીમે નદીનાપટની સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ૩૮૦ કિલો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશમાંસરપંચ, તલાટી અને પ્રવાસન વિભાગનો સહયોગ મળ્યો હતો.

નુક્કડ નાટક દ્વારા જાગૃતિઃ ગેમીદ્વારા તા.૨૩ થી ૨૬-મે-૨૦૨૫ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં નુક્કડ નાટકોનું મોડાસા, હિંમતનગરના કટવડ, વાઘેલાવાસ અને વિરપુર ગામોમાં તેમજ ભચાઉ તાલુકામાં ભચાઉ બસ સ્ટેન્ડ, વોંઢ ગામ અને સામખિયાળી ગામમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંઅંદાજિત ૭૦૦ નાગરિકો સહભાગી થયાહતા. આ નાટકો દ્વારા નાગરિકોને પ્લાસ્ટિક-મુક્ત જીવનશૈલી અને કચરા વ્યવસ્થાપનના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

પ્લાસ્ટિક કચરોએકત્રીકરણ ઝુંબેશ: ગાંધીનગરના વૈદહી-૩ સોસાયટી અને વાવોલ ખાતે ૧૨૦ સ્થાનિક નાગરિકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને ૮૦ કિલો પ્લાસ્ટિકકચરો એકત્રકર્યો હતો. ગેમી દ્વારા આ પર્યાવરણ પ્રેમી નાગરિકોને પ્રોત્સાહન રૂપે કુંડા સાથે છોડ, સેન્દ્રીય ખાતર તેમજ કાપડની થેલીઓ ભેટ આપવામાંઆવી હતી.

કમલમ્, રૂપેશ રાવલ

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા કાશીવિશ્વનાથ મંદિર પાસે નગરપાલિકા પ્રમુખ ડો.પ્રિયંકાબેન ખરાડીના હસ્તે નગરના કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. (૧) અંબિકા કોમ્પલેક્ષથી પમ્પીંગ સ્ટેશન તરફ વરસાદી પાણી નિકાલ અને ન.પા. હસ્તકના સી.સ.નં.૨૬૮૪ની કમ્પાઉન્ડ વોલ તથા પ્લાન્ટેશનનું કામ (૨) સિવિલ રોડથી આશિષ હોસ્પિટલ સુધી, શ્રીજી બંગ્લોઝના મુખ્ય રોડથી દેવીનગર કંપાના મુખ્ય રોડ સુધી, મહાકાળી મંદિર પાછળના રસ્તાઓનું સી.સી તથા પેવરબ્લોકનું કામ અને કાશી વિશ્વનાથ મંદિરથી રામેશ્વર હોસ્ટેલ સુધીના જોડતા રસ્તાનું સીસી કામ તથા પ્રોટેકશન દિવાલનું કામ ના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા.જેમાં નગરપાલિકા ઉપપ્રમુખ રાજેન્દ્રસિંહ ચૌહાણ,કારોબારી ચેરમેન નિકુંજભાઈ રાવલ,બાંધકામ સમિતિ ચેરમેન સુમિતભાઈ રાવલ,શહેર મહામંત્રીશ્રી ભવેન્દ્રસિંહ સોલંકી તથા નગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ,નગરપાલિકાના કર્મચારીઓ,નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

"રકતદાન, મહાદાન" રાજકોટના ઈશ્વરિયા પાર્ક ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ, આર.એમ.સી., અન્ય ખાનગી સંસ્થાઓ અને નાગરિકોએ ૫૦૦૦ યુનિટ બ્લડ ડોનેટ કર્યું

કમલમ્, રાજકોટ

રાજકોટનાં શ્રી એમ.પી.જાડેજા ફેમિલી ફાઉન્ડેશન અને સિનર્જી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, રાજકોટ મહાનગરપાલિકા અને નાગરિકોના સહયોગથી ઈશ્વરિયા પાર્ક ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા અને જનભાગીદારી નોંધાવા રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલસિક્યુરિટી ફોર્સના ૫૦થી વધુ કર્મીઓ, રાજકોટ મહાનગરપાલિકાના કર્મીઓ અને જાહેર જનતા એમ કુલ મળીને આશરે સાતહજારથી વધુ લોકોના અનન્ય યોગદાનથી ૫૦૦૦થી વધુ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ/ચીફ એરોડ્રોમ ઓફિસર શ્રી અમનદીપ સિરસવા અને આર.એમ.સી.ના ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ સામાજિક જવાબદારી અને સમુદાય સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી હતી. અને "રકતદાન એજ મહાદાન"ના સંકલ્પને સાર્થક કરવા હજારો લોકો સહભાગી થયાં તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને જીવંત કરતું સુરતના યુવા ઉદ્યમીનું ગેમિંગ સ્ટાર્ટઅપ

સુરતના યુવાન એન્ટરપ્રિન્યોર જેમિશ લખાણીએ વિદેશી ગેમ્સને ટક્કર મારે એવી બેટલ રોયલ સ્ટાઈલની સ્વદેશી ગેમિંગ એપ 'સ્કારફોલ' બનાવી

'સ્કારફોલ- ધ રોયલ કોમ્બેટ' ગેમ કરે છે વિદેશી જાયન્ટ ગેમિંગ કંપનીઓ સાથે સ્પર્ધાઃ ગુજરાત અને ભારતના વિવિધ શહેરોની ઓળખ, થ્રીડી ગ્રાફિક્સ સાથેના રજવાડી આઉટફીટ, પરિવેશને ગેમમાં આવરી લીધા



કેન્દ્ર સરકારની 'આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ-૨૦૨૦'માં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો

કમલમ્,

મોબાઈલમાં ગેમ રમવી એ આબાલવૃદ્ધ સૌને પ્રિય હોય છે. આપણે જીવનમાં ક્યારેક ને ક્યારેક કેન્ડી ક્રશ, પઝલ્સ, બેટલ ફિલ્ડ, કાર રેસ જેવી મોબાઈલ રમી જ હશે. કીપેડ મોબાઈલમાં સ્નેક એન્ડ લેડર ગેમ્સ રમવાનો આનંદ આપણે સૌએ અચૂક લીધોછે. ઈન્ટરનેટ અને ડિજીટલ વર્લ્ડનો વધતા પ્રભાવ વચ્ચે ગેમિંગનો નાનકડો શોખ આજે વિશાળ ઈન્ડસ્ટ્રીઝમાં પરિવર્તિત થયો છે. આજે લાખો લોકોને રોજગારી આપતી ગેમિંગ ઈન્ડસ્ટ્રી એક ગતિશીલ, સતત વિકસતું ક્ષેત્ર અને મનોરંજન, ટેકનોલોજીઅને સર્જનાત્મકતાનું સંમિશ્રણ બન્યું છે. હવે આધુનિક વિશ્વની ક્લાઉડ ગેમિંગ, વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટી (VR/AR) ગેમ્સનોયુગ પણ આવીગયો છે. ડિજીટલ પ્લેટફોર્મ્સ પર જોવા મળતી મહત્તમ ગેમ્સ વિદેશી ટેક કંપનીઓ બનાવે છે, ત્યારે સુરતના યુવા ટેકસેવી ઉદ્યોગકાર જેમિશ લખાણી વિદેશી ગેમ્સને ટક્કર મારે એવી બેટલ રોયલ સ્ટાઈલની 'સ્કારફોલ- ધ રોયલ કોમ્બેટ' નામની સ્વદેશી ગેમિંગ એપ બનાવી વિદેશની જાયન્ટ ટેક કંપનીઓ સાથે હરિફાઈ કરી રહ્યા છે. એટલું જ નહીં, 'સ્કારફોલ'માં દેશી લૂક સાથેના પાત્રોનું સર્જન કર્યું છે, જેમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિને વણી લીધી છે. દરેક ગુજરાતીને પોતીકી લાગે એવી FPS અને TPS મલ્ટીપ્લેયર શુટિંગની ગેમ એપ બનાવીને ગ્રામીણ સંસ્કૃતિ, ભાતીગળ પહેરવેશ, છકડો, ધોતિયું, પઘડી, ભરતકામ સાથે રજવાડી આઉટફીટ, સાડી પહેરેલા પાત્રોનું સર્જન કર્યું છે. કેન્દ્ર સરકારની 'ડિજીટલ ઈન્ડિયા આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ-૨૦૨૦'માં દ્વિતીય ક્રમ મેળવ્યો હતો, ઉપરાંત ટેકઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૨૧ના શ્રેષ્ઠ ટેક સ્ટાર્ટઅપ વિજેતા બની હતી. બાળપણથી મોબાઈલ, કમ્પ્યુટરમાં ગેમ રમવાના શોખીન એવા સુરતના યુવાન જેમિશ લખાણી મૂળ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના જૂના રતનપુર ગામના વતની છે. તેમણે યુવાનવયે ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝમાં આવનારી તકોને પારખી લીધી અને શોખને જ કારકિર્દી બનાવવાનો નિર્ણય કર્યો. આ નાનકડા વિચારને મોટું સ્વરૂપ આપતા જેમિશ લખાણીએ વર્ષ ૨૦૨૧માં 'સ્કારફોલ ગેમિંગ" એપ શરૂ કરી. MIT- મહારાષ્ટ્ર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી-પૂણેથી આઈ.ટી. એન્જિનીયરીંગનો અભ્યાસ કરનાર યુવા ટેકનોક્રેટ જૈમિશે વર્ષ ૨૦૧૨માં કોલેજકાળ દરમિયાન જાતે બનાવેલી ગેમ રમતા રમતા સ્વપ્નું સેવ્યું કે વિદેશી ગેમ્સમાં આપણી ભારતીય ગેમિંગ એપ બનાવીશ અને સાબિત કરીશ કે ભારતીય યુવાધન વિદેશી આઈ.ટી. ટાયકૂનથી કમ નથી આ સંકલ્પ સાકાર કરવા પૂણેથી સુરત આવી ૪ મિત્રોની મદદથી ૨૦૨૦માં XSQUADS નામથી સ્ટાર્ટઅપ શરૂ કર્યું, જે આજે જોતજોતામાં ૪૦ કર્મચારીઓની કંપની બની ગઈ છે. શરૂઆતમાં ફંડિંગની કમી, ટેક્નિકલ ચેલેન્જીસ અને માર્કેટિંગની મુશ્કેલીઓ અનુભવવા છતાં જૈમિશે હાર ન માની. તેમણે ટેક સ્ટાર્ટઅપને બેંગ્લોર, હૈદરાબાદમાં ભાગીદારીની તકો હોવા છતાં માદરે વતન સુરત આવીને લોકલ ટેલેન્ટને જોડ્યું, અને ધીરેધીરે સ્કીલ્ડ યુવા ડેવલપર્સને તકો આપીને એક મજબૂત ટીમ ઊભી કરી છે, અને આજે સુરતના વેસુ સ્થિત SNS બિઝનેસ પાર્કમાં કંપનીની હેડઓફિસનું સંચાલન કરી રહ્યા છે. XSQUADS ના સી.ઈ.ઓ.શ્રી જેમિશ લખાણીએ સ્ટાર્ટ અપ અને સફળતાની યાત્રા વિષે જણાવ્યું કે, કોલેજમાં આઈ.ટી.ના અભ્યાસ દરમ્યાન કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ અને ગેમ ડેવલપમેન્ટમાં મને ખૂબ રૂચિ હતી. મેં 'મેઝ મિલીટિયા' નામની ગેમ જાતે ક્રિએટ કરી હતી, જેને ૧૦ મિલિયન ડાઉનલોડ મળ્યા હતા. આ ગેમ રમતા રમતાં વિચાર આવ્યો કે કેમ ન એક એવી ગેમ બનાવું જે વિદેશી ગેમ્સને ટક્કર આપે અને ભારતના સંસ્કાર અને સંસ્કૃતિને પણ દર્શાવે? કોરોનાકાળ અને લોકડાઉન દરમિયાન મેં જોયું કે લોકોએ યુ ટ્યુબ વિડીયોઝ તેમજ મોબાઈલ ગેમ્સમાં વધુ રસ લેવો શરૂ કર્યો છે, પણ મોબાઈલમાં રમાતી સૌથી વધુ લોકપ્રિય ગેમ્સ વિદેશી કંપનીઓની છે, જેમાં ભારતીય કંપનીઓ તેમજ ભારતીય સંસ્કૃતિ, ભાષા કે વારસાનું પ્રતિનિધિત્વ ખૂબ ઓછું છે. એટલે જ એક એવી ગેમ્સ બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું, જે ભારતીય માહોલ, પાત્રો અને સામાજિક-ભૌગોલિક પરિવેશથી ભરપૂર હોય, સાથોસાથ વૈશ્વિક સ્તરે પણ સ્પર્ધા કરી શકે. આ વિચારથી ગેમિંગ સ્ટાર્ટ અપ XSQUADS ની શરૂઆત થઈ, જેના હેઠળ બનેલી સ્કારફોલ ૧.૦ એ ભારતની પહેલી Battle Royale સ્ટાઈલની ગેમ છે, જે સંપૂર્ણપણે ભારતમાં, ગુજરાતમાં અને તેમાં પણ સુરતમાં ડિઝાઈન અને ડેવલપ કરી છે. જેમિશ જણાવે છે કે, સ્કારફોલને ગુગલ પ્લેસ્ટોર અને એપલ એપ સ્ટોર પર અત્યાર સુધી ૩૫ મિલિયન ડાઉનલોડ મળ્યા છે. ગુજરાત અને ભારતીય યુઝર્સને ધ્યાનમાં રાખીને અમે ગુજરાત સહિત દેશના પ્રમુખ શહેરો-ગામડાની સંસ્કૃતિ, પહેરવેશ અને સાંસ્કૃતિક વારસાનો ટચ આપ્યો છે. જે રીતે વિદેશી ગેમ્સમાં ગોરા શૂટર્સ જોવા મળે છે, એના સ્થાને સ્કારફોલમાં કાઠીયાવાડી પાઘડી, બંડી, ચોરણી, અણીયાળી મૂછો ધરાવતા દેશી શુટર્સ, સાડી પહેરેલી મહિલા શુટર, તિરંગા સાથે ભારતીય સૈનિકો, તમંચો, સૂતળી બોમ્બ, ઈનગેમ વાહનોમાં છકડો, ઓટો રિક્ષા, ક્રિએટ કર્યા છે. મુંબઈની લોકલ ટ્રેન, અંદામાન-નિકોબારની સેલ્યુલર જેલના લેન્ડસ્કેપને આવરી લીધા છે. થ્રીડી ગ્રાફિક્સ અને રિયલિસ્ટીક એનિમેશન સાથેની આ ગેમને એક, બે વ્યક્તિ અને ચાર વ્યક્તિ સાથે રમી શકાય છે. હવે અમે 'સ્કારફોલ- ધ રોયલ કોમ્બેટ' નું અપગ્રેડેડ વર્ઝન 'સ્કારફોલ-૨.૦' લઈને આવી રહ્યા છીએ. વિશ્વમાં ૫૦૦ મિલિયન (૫૦ કરોડ) યુઝર્સ મોબાઈલમાં ગેમ્સ રમે છે, જે પૈકી ૧૫૦ મિલિયન (૧૫ કરોડ) બેટલ શૂટર્સ ગેમ્સ રમે છે. કોમ્પ્યુટરમાં ગેમ્સ રમતા યુઝર્સની સંખ્યા અલગ છે. વૈશ્વિક ગેમિંગ બજારનું કદ ૨૦૨૨માં ૨૪૯.૫૫ બિલિયન ડોલર અને ૨૦૨૩ માં ૨૮૧.૭૭ બિલિયન ડોલર હતું, આગમી ૨૦૩૦ સુધીમાં ૬૬૬.૭૭ બિલિયન ડોલર થવાનો અંદાજ છે, આગામી પાંચ વર્ષમાં ૧૩.૧ % ના CAGR (Compound Annual Growth Rate) થી તીવ્ર ગતિથી ગેમિંગ માર્કેટ આગળ વધશે. આટલા વર્ષના અનુભવ પછી કહી શકું કે ભારતનું યુવાધન યુ.એસ.એ. અને ચીનની ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝને ટક્કર આપી શકે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી ગેમિંગ સેક્ટરની વિશાળ સંભાવનાઓથી વાકેફ છે, અને તેઓ ભારતના ટોચના ગેમર્સ સાથે મુલાકાત પણ કરી ચૂક્યા છે એમ તેઓ જણાવે છે. વધુમાં જેમિશ જણાવે છે કે, પબજી, કોલ ઓફ ડ્યુટી, ફ્રી ફાયર જેવી આંતરરાષ્ટ્રીય ગેમ્સની સરખામણીમાં ઘણા યુઝર્સે અમને પ્રોત્સાહક રિવ્યુઝ આપ્યા છે. કારણ કે વિદેશી ગેમ્સ રમવામાં જે થ્રીલનો અનુભવ થાય છે એના કરતા પણ વધુ આનંદ અને થ્રીલિંગ એક્સપિરીયન્સ થતો હોવાનું યુઝર્સ કોમેન્ટ કરીને જણાવે છે. અમે પરફેક્ટ ગનશોટ સિસ્ટમ, હાઈક્વોલિટી ઓડિયો ધરાવતો ગનફાયરનો સાચૂકલો અવાજ, કસ્ટમાઈઝ યુઝર ઈન્ટરફેસથી વૈશ્વિક કક્ષાની ગેમ બનાવી છે. ભારતમાં દુનિયાના ટોચના ગેમ ડેવલપમેન્ટ હબ બનવાની તમામ ક્ષમતા છે, અને ગ્લોબલ ગેમિંગ મેપમાં ગુજરાત અને ભારતને સ્થાન અપાવવું એ અમારૂ વિઝન છે એમ જણાવી જેમિશ ઉમેરે છે કે, 'સ્કારફોલ્સ'એ માત્ર મનોરંજન જ પૂરૂ નથી પાડ્યું, પરંતુ સ્થાનિક સંસ્કૃતિ અને સામાજિક-સાંસ્કૃતિક વારસાથી અવગત કરાવવાનો પ્રયાસ કર્યો છે. અમારી કંપનીમાં હાલ ગેમ પ્રોગ્રામર, ડિઝાઈનર-આર્ટિસ્ટ, UI/UX ડિઝાઈનર, એનિમેટર, લેવલ ડિઝાઈનર, ગેમ ટેસ્ટર, ઓડિયો એન્જિનિયર, ગેમ પ્રોડ્યુસર, માર્કેટિંગ મેનેજર જેવી વિવિધ પોસ્ટમાં ૪૦ કર્મચારીઓ કાર્યરત છે. ભારતીય એપ ડેવલપર્સને પ્રોત્સાહિત કરવા માટે વર્ષ ૨૦૨૦માં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ડિજીટલ ઈન્ડિયા મિશનના ભાગરૂપે આત્મનિર્ભર ભારત એપ ઈનોવેશન ચેલેન્જ યોજાઈ હતી, જેમાં વિવિધ કેટેગરી પૈકી ગેમ કેટેગરીમાં સ્કારફોલ્સે બીજો ક્રમ મેળવ્યો હતો. તાજેતરમાં મુંબઈના Jio વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં વેવ્સ સમિટ- (WAVES- વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-૨૦૨૫) યોજાઈ હતી, ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્થાપિત કરવામાટેની પ્રથમ આંતરરાષ્ટ્રીય સમિટનું ઉદ્દઘાટન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું, તેમાં ગુજરાતતરફથી એક માત્ર XSQUADS ના જેમિશ લખાણી અને ટીમે પ્રતિનિધિત્વ કર્યું હતું. જ્યાં વડાપ્રધાનશ્રીએ જેમિશના સ્ટાર્ટઅપ વિષે જાણીને આનંદ વ્યક્ત કરી પીઠ થાબડી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી ગેમિંગ સેક્ટરની વિશાળ સંભાવનાઓથી વાકેફ છે, અને તેઓ ભારતના ટોચના ગેમર્સ સાથે મુલાકાત પણ કરી ચૂક્યા છે. XSQUADS ના માર્કેટિંગ મેનેજરશ્રી સુકૃત વાનાણી જણાવે છે કે, XSQUADS ની શરૂઆતથી જ હું કંપની સાથે જોડાયેલો છું. અમે વિદેશી કલ્ચરના સ્થાને ભારતીય પાત્રો અને માહોલને ગેમ્સમાં સમાવ્યા છે. ઈ-સ્પોર્ટ્સ (સ્પર્ધાત્મક ગેમિંગ) હવે એક વ્યવસાય બની ગયો છે. Twitch, YouTube જેવા પ્લેટફોર્મ પર હજારો ગેમર્સ સ્ટ્રીમિંગ કરીને કમાણી કરે છે. ઘણા દેશોમાં ઈ-સ્પોર્ટ્સને હવે વ્યાવસાયિક ખેલ તરીકે માન્યતા મળી રહી છે. ગેમિંગ ઈન્ડસ્ટ્રીમાં ગેમ ડેવલપમેન્ટ, પબ્લિશિંગ, ડિસ્ટ્રિબ્યુશન મોનેટાઈઝેશન (ઈન-ગેમ પરચેઝ, સબસ્ક્રિપ્શન્સ, જાહેરાતો અને અન્ય રેવન્યુ મોડલ્સ), ક્લાઉડ ગેમિંગ (Google Stadia, Xbox Cloud Gaming, અને NVIDIA GeForce Now જેવી સેવાઓ ખર્ચાળ હાર્ડવેરની જરૂરિયાત વિના ઉચ્ચ-ગુણવત્તાવાળી ગેમ્સને સ્ટ્રીમ કરવાની સુવિધા આપે છે, જે વધુ લોકોને ગેમિંગની સુવિધા પૂરી પાડે છે), વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટી (VR/AR) ગેમ્સ ક્ષેત્રમાં ઉજ્જ્વળ કારકિર્દી ઘડી શકાય છે એમ તેઓ કહે છે.

મોડાસામાં અર્બુદા શરાફી મંડળીનો રજતજ્યંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ મંડળીની સેવાઓને બિરદાવી

કમલમ્,

મોડાસા ખાતે ધી અર્બુદા સહકારી બચત અને ધિરાણ મંડળીને એના ૨૫ વર્ષ પૂરા થવાના અવસરે રજત જયંતિ મહોત્સવ મંડળીના ચેરમેન હરેશભાઈ એન પટેલના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો સમારોહનું ઉદ્દઘાટન પદ્મશ્રી વરિષ્ઠ પત્રકાર દેવેન્દ્રભાઈ પટેલે દીપ પ્રગટાવીને કર્યું હતું. તમામ સભાસદ ભાઈ-બહેનો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ આરજતજયંતી મહોત્સવ ના પ્રારંભે મંડળીના ચેરમેન હરેશભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનો અને સૌ આમંત્રિત સહકારી આગેવાનો અને સભાસદ ભાઈબહેનોને હૃદયપુર્વક આવકાર્યા હતાં અને સ્થાપનાથી અત્યાર સુધીના મંડળીનો પ્રગતિ અહેવાલ રજૂ કર્યો હતો તે બાદ એમડી મુળજીભાઈ પટેલે ૨૫ વર્ષના મંડળીના વહીવટ અંગે વિગતો રજૂ કરી હતી. મંડળીના ડિરેક્ટર કનુભાઈ સી પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું ઉદ્ઘાટક દેવેન્દ્રભાઈ પટેલે પોતે અગાઉ આ મંડળીની લીધેલી મુલાકાત દરમિયાન મેળવેલી જાણકારીમાં ખાસ કરીને ઝીરો વાઉચરથી થતા મંડળીના પારદર્શક વહીવટ અને ૯૯ ટકા સુધીની વસુલાત થી પોતે પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું અને આ મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી અને રજતજયંતિ ઉજવણી પ્રસંગે ચેરમેન હરેશભાઈ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સને અભિનંદન પાઠવ્યા હતા તેમણે ઉદાહરણો ટાંકીને ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ અંગે ખ્યાલ આપ્યો હતો જે અન્ય રાજ્યોમાં જેવા મળતો નથી સનાતન હિન્દુ ધર્મ આચાર્ય પરિષદના મહાસચિવ પૂજ્ય ડો સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્ય એ આ અવસરે મંડળીની આ પ્રગતિને બિરદાવી ચેરમન અને ડિરેક્ટર્સને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી અને માનવમાં જીવનમાં ધર્મ અને અધ્યાત્મની ઉપયોગિતા અનેક દિલ સ્પર્શી ઉદાહરણો ટાંકીને રજૂ કરી હતી સાબરકાંઠા અને અરવલ્લી ખેતી બેંકના ચેરમેન અને રાજ્ય ખેતી બેંકના પૂર્વ વાઈસ ચેરમેન અને ભોજન દાતા ફલજીભાઈ જી પટેલે પ્રાસંગિક પ્રવચનમાં મંડળીના યશસ્વી ૨૫ વર્ષને બિરદાવ્યા હતાં અને તેમના વરદ હસ્તે ઉપસ્થિત ૬ જેટલા સભાસદોને ભેટ વિતરણ કરવામાં આવ્યું હતું મંડળીના બે સભાસદો ધર્માભાઈ પટેલ (કુડોલ) અને મોડાસા સાયન્સ કોલેજ પ્રિન્સિપાલ કનુભાઈ પટેલે પોતાના પ્રતિભાવો આપ્યા હતા અને મંડળીની પગતિની પ્રશંસા કરી હતી. આ અવારે મંડળીના ડિરેક્ટરો ગોકળદાસ પટેલ, પ્રભુદાસભાઈ પી પટેલ, જેઠાભાઈ સી પટેલ, કાંતિભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, દિનેશભાઈ વીપટેલ, રિતેશકુમાર અર્ચ પટેલ, પ્રિતેશકુમાર જી પટેલ, શ્રીમતી મધુબેન કે પટેલ તેમજ અર્બુદા મહિલા બચત મંડળીના ચેરમેન કિરણબેન પટેલ અને મહિલા ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા અંતમાં મેનેજર ચીમનભાઈ પટેલે આભાર દર્શન કર્યું હતું કાર્યક્રમના સફળ બનાવવા મંડળીમાં મેનેજ ચોમનભાઈ અને અલ્પેશભાઈ તેમજ હેમલ પટેલ સહિત કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા એ બનાસકાંઠા જિલ્લા ના ઉપાધ્યક્ષ ના ઘેર ની લીધી મુલાકાત

કમલમ્,આનંદ ઠક્કર

બનાસકાંઠા જિલ્લા ના સદરપુર ગામે પાર્ટી ના એક કાર્યક્રમ માં ગુજરાત પ્રદેશઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા આવેલ ત્યારે પાર્ટી ના કાર્ય મા સતત હાજરી અને આપલે કાર્ય પુરુ કરતા પુજાબેન ઠક્કર તેમને તેમના ડીસા તેમના ઘેર આવવા નું આમંત્રણ આપતા તેઓ એ પોતના સમય કાઢી તેમના ઘેર મુલાકાત લેતા તેમની સાથે બનાસકાંઠા જિલ્લા મહિલા મોરચા ના પ્રમુખ ભીખીબેન વહોરા પૂર્વ ધારાસભ્ય પાલનપુર રેખાબેન ખાણેશા, સંગઠન ઉપ પ્રમુખ કોકિલાબેન પંચાલ જિલ્લા મહામંત્રી કોકિલાબેન પંચાલ પૂર્વ નગરપાલિકા પ્રમુખ પાલનપુર હેતલબેન રાવલ મલાબેન ઠાકોર પ્રફુલાબેન અને અલકાબેન દિયોદર વાળા એ તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી તેમનું સ્વાગત પાદવીસાલ જવારામબાપા નું પુસ્તક અને રામ ભગવાન નો ફોટો આપી કરવા માં આવ્યું હતું આ શુભેચ્છા મુલાકાત માં કલ્પેશભાઈ રમેશભાઈ દેસાઈ લાલાભાઈ જવારામ આનંદભાઈ ઠક્કર કમલમ દૈનિક ગાંધીનગર ના બ્યુરોચિફ હાજર રહી શુભેચ્છા મુલાકાત કરી પાર્ટી ને મજબૂત બનાવવા ની વાત બહેનશ્રી એકરી હતી.

ગુજરાતભરમાં તા. ૨૯ મેના રોજ ફરી એક વાર સિવિલ ડિફેન્સની "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાશે

કમલમ્, ગાંધીનગર,

ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર ગત તા. ૭ મે, ૨૦૨૫ના રોજ દેશના સંવેદનશીલ વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી અને મૂલ્યાંકન કરવા માટે નાગરિક સંરક્ષણ કવાયત (સિવિલ ડિફેન્સ મોકડ્રીલ) હાથ ધરવામાં આવી હતી. જેના આધારે દેશના કેટલાક સંવેદનશીલ વિસ્તારોમાં નાગરિક સંરક્ષણની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં આવી છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે દેશના પશ્ચિમી સરહદને અડીને આવેલા રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ કવાયત "ઓપરેશન શિલ્ડ"નું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. ભારત સરકારના આદેશ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ આજે તા. ૨૯ મે, ગુરુવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે કરી એક વાર નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે.

ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે ગુજરાતના દરેક જિલ્લામાં મોકડ્રીલનું આયોજન થશે.

ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ સંદર્ભે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિએ ગુજરાતના તમામ જિલ્લા કલેક્ટરઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ અન્વયે કરવામાં આવેલી તૈયારીઓની વર્ચ્યુઅલ સમીક્ષા કરી હતી. સાથે જ, તેમણે મોકડ્રીલના સફળ અમલીકરણ માટે તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને જરુરી સૂચનાઓ પણ આપી હતી. વધુમાં ડો. જયંતી રવીએ કહ્યું હતું કે, આ કવાયત દરમિયાન નાગરિક સુરક્ષાને લગતી સ્થાનિક પ્રશાસનની સુરક્ષા, NCC, NSS, ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ જેવા યુવા વોલેન્ટીયર્સની સેવાઓ લેવાની, દુશ્મનના વિમાની અને મિસાઈલ હુમલા સંદર્ભે એરફોર્સ અને નાગરિક સુરક્ષા કંટ્રોલ રુમ વચ્ચે હોટ લાઈન ઉભી કરવાની, એર રેઈડ સાયરન કાર્યરત કરવાની, સંપૂર્ણ બ્લેકઆઉટ કરી નાગરિકોને તેમની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા જેવી વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સંભવિત હુમલા બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમ અને રક્તદાન સંદર્ભે જરુરી કાર્યવાહી કરવા તેમજ સંભવિત યુદ્ધની પરિસ્થિતિમાં બોર્ડર વિંગના હોમ ગાર્ડ્સ, આર્મ્ડ વિંગના જવાનોનું તાત્કાલિક ડીપ્લોયમેન્ટ કરવા સંદર્ભે જરુરી એક્શન પ્લાન બનાવવા સંદર્ભે પણ જિલ્લા કલેક્ટર સ્તરોને જરુરી સૂચનાઓ આપવામાં આવી છે. સાથે જ, આ કવાયત દરમિયાન જરુરી તમામ વિભાગો અને સ્ટેકહોલ્ડર્સ દ્વારા સમન્વય સંકલન બાબતે પણ કલેક્ટર ઓને માહિતગાર કરવામાં આવ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

સુરત અને તાપી જિલ્લાના સહકારી ક્ષેત્રે ૪૦ વર્ષોથી સેવારત શ્રી માનસિંહ પટેલને ઇફ્કો દ્વારા "સહકાર રત્ન" એવોર્ડ

રૂા.૧૧ લાખનો નકદ પુરસ્કાર ઇફ્કો તરફથી તા:૨૯.૦૫.૨૦૨૫, ગુરૂવારે દિલ્હી ખાતે એનાયત થશે.

કમલમ્,
સુમુલ ડેરી, મહુવા સુગર ફેક્ટરી અને વ્યારાસુગર ફેક્ટરીના પ્રમુખ તથા અને સામાજિક, શૈક્ષણીક સંસ્થાઓ સાથે જોડાયેલ અને મહુવા તાલુકાના વાસકુઈ જેવા નાના ગામમાથી આવતા ખેડૂત, પશુપાલક અને આદિવાસી સહકારી આગેવાન શ્રી માનસિંહ પટેલને દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફ્કો દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન "ઈફ્કો સહકાર રત્ન" એવોર્ડ અને રૂા.૧૧ લાખનો નકદ પુરસ્કાર ઈફ્કો તરફથી તેઓને નવીદિલ્હી ભારત મંડપમ્ ખાતે, તા.૨૯મી મે ૨૦૨૫ના રોજ આપવામા આવનાર છે. આ પ્રસંગે તેઓને ઈફ્કોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી સહીત સમગ્ર ગુજરાત અને સુરત તથા તાપી જીલ્લાના અને મહુવા તાલુકાના રાજકીય, સહકારી, સામાજિક આગેવાનો, ખેડૂતો, દૂધ મંડળીના સભાસદોએ અભિનંદનની વર્ષા કરી હતી. તેમજ તેઓએ સુરત અને તાપી જીલ્લામાં સહકારી ક્ષેત્રે ૪૦ વર્ષ જેટલા લાંબા ગાળા દરમ્યાન તેઓએ આપેલી અમુલ્ય સેવાનું ઋણ ચુકવવા સહકારી સુરત અને તાપી જીલ્લાના આગેવાનો, દૂધ મંડળીના હોદેદારો, સુગર ફેકટરીના સભાસદો અને અન્ય સહકારી મંડળીના હોદેદારો દ્વારા તેઓના સન્માન સમારંભ ની તૈયારીઓ કરવામાં આવીરહી છે...

કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમૂબેન બાંભણીયાએ હૈલાકાંડી, આસામમાં વિકાસલક્ષી કાર્યોની સમીક્ષા કરી

કમલમ્,

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન જયંતિભાઈ બાંભણીયાએ હૈલાકાંડી જિલ્લામા મહિલા સ્વસહાય જૂથો (SHG) દ્વારા ચલાવવામા આવતી ટોફૂ ઉત્પાદન પહેલ અંગે સંતોષ વ્યકત કર્યો હતો. લાલમુખ ગ્રામ પંચાયત હેઠળના ગગલાચારીમાં આવેલા ટોફૂ ઉત્પાદન કેન્દ્રની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ SHG મહિલાઓ સાથે સંવાદ કર્યો અને મહિલા આજીવિકા પરિયોજના ઓની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે જિલ્લા આજીવિકા મિશન દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી અને આવી વધુ તકો અન્ય વિસ્તારોમાં પણ મહિલાઓ સુધી પહોંચે એવી અપેક્ષા વ્યકત કરી. હાલમાં જિલ્લાના અંદર છ ટોફૂ ઉત્પાદન યુનિટ કાર્યરત છે—ત્રણ ગગલાચારીમાં અને ત્રણ મોહનપુરના બર્નીશ્રીઝ વિસ્તારમાં. આ તમામ યુનિટ જિલ્લા આજીવિકા મિશન દ્વારા સંચાલિત થઈ રહી છે અને તેમા કુલ ૬૦ મહિલાઓને રોજગાર મળ્યો છે. ધ્રુવેશ્વરી બ્રાન્ડ હેઠળ કાર્યરત આ એકમોની સંયુક્ત ઉત્પાદન ક્ષમતા પ્રતિદિન ૬૦૦ કિલોગ્રામ છે. મંત્રીશ્રીએ તેમના પ્રવાસની શરૂઆત દક્ષિણ હૈલાકાંડી બ્લોકના સુલતાનીછેરમાં આવેલા મોડેલ આંગણવાડી કેન્દ્ર નંબર ૮૦ની મુલાકાતથી કરી હતી. તેમણે માતા-પિતાઓ અને બાળકો સાથે યોજાયેલ બેઠક માં ભાગલીધો અને આંગણ વાડી કેન્દ્રો દ્વારા મળતા લાભોનો પૂરતો લાભ લેવા અનુરોધ કર્યો. ત્યાર બાદ તેમણે દક્ષિણ હૈલાકાંડીના ઘમુરાં ખાતે આવેલા ન્યુ પ્રાઈમરી હેલ્થ સેન્ટરની મુલાકાત લીધી અને દર્દીઓને ઉપલબ્ધ આરોગ્યસેવાઓની સમીક્ષા કરી. આ ઉપરાંત, કૃષિ વિભાગ દ્વારા મણિપુર ખાતે જિલ્લા સરહદી વિસ્તારમાં વિકસાવવામાં આવેલી ૧૦ વીઘા ક્ષેત્રફળની આઈલ પામ બીજ નર્સરીની પણ મંત્રીશ્રીએ મુલાકાત લીધી. તેમણે આશાવ્યક્ત કરી કે આવી યોજના ખેડૂતો માટે આવક વધારવાનું સાધન બનશે. આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અંતર્ગત વિકાસકામોની સમીક્ષા દરમિયાન મંત્રીશ્રીએ લક્ષ્મીનગર ટી.ઈ. મોડેલ હાઈસ્કૂલની પણ મુલાકાત લીધી.

તેમણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી અને વિદ્યાર્થીઓના ડ્રોપઆઉટને અટકાવવા માટે વાલીઓનો સહકાર આવશ્યક હોવાનું જણાવ્યું. ત્યારબાદ તેમણે શાળામાં બનાવવામાં આવેલી ક્રિચન શેડ અને પૌષ્ટિક કણ ગાર્ડનનું પણ નિરીક્ષણ કર્યું. ત્યારબાદ મંત્રીશ્રીએ કુચિલા ગામે કૃષિ વિભાગ દ્વારા સ્થાપિત માટી પરીક્ષણ લેબોરેટરીની મુલાકાત લીધી. અધિકારીઓએ જણાવ્યું કે અત્યાર સુધીમાં અહીં ૨૮,૦૦૦થી વધુ માટીના નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે અને ખેડૂતોએ સોઈલહેલ્થ કાર્ડ પણ પ્રાપ્તકર્યા છે. પ્રવાસના અંતિમ તબક્કામાં મંત્રીશ્રીએ કુચિલા ગામમાં પશુપાલન વિભાગ દ્વારા રૂ. ૨૮ લાખના ખર્ચે સ્થાપિત કરવામાં આવેલા પશુ ઉપકેન્દ્રની મુલાકાત લીધી. આ કેન્દ્ર હવે આસપાસના ૨૩ ગામોમાં કૃત્રિમ ગર્ભાધાન, રસીકરણ અને પશુઓની સારવાર જેવી મહત્વપૂર્ણ સેવાઓ પૂરી પાડી રહ્યું છે. ડિસ્પેમ્બર ચાલેલા મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ હૈલાકાંડી જિલ્લા કલેક્ટર શ્રીનિસર્ગ કિંવારે તેમજ વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે વિકાસ કાર્યોની નિરીક્ષણ વિધીમાં ભાગલીધો અને સ્થળ પર જરૂરી માહિતી મેળવી.

ક્રાંતિવીર શ્રી વિનાયક સાવરકરની ૧૪૨મી જન્મજયંતી નિમિતે ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

કમલમ્,

ભારતીય સ્વાતંત્રતા આંદોલનના અગ્રીમ હરોળના લડવૈયા અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરની ૧૪૨મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા ખાતેના પોર્ટિયમમાં તેમના તૈલચિત્રને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. પાટણ લોકસભાના સાંસદ શ્રી ભરતસિંહ ડાભી તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ પણ તૈલચિત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ક્રાંતિકારી વિનાયક દામોદર સાવરકરે પોતાનું સંપૂર્ણ જીવન દેશ અને રાષ્ટ્ર સેવાને આપ્યું છે. તેમણે ઈંગ્લેન્ડમાં ફ્રી ઈન્ડિયા સોસાયટી નામની સંસ્થા સ્થાપી દેશની આઝાદી માટે ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. બ્રિટીશ સરકારે સરકાર વિરુદ્ધ કાવતરાના કેસમાં તેમની ધરપકડ કરીને ૫૦ વર્ષની કેદની સજા કરી હતી. શ્રી વીર સાવરકરે ભારત દેશને અખંડીત રાખવા અને આઝાદી અપાવવા અથાક પ્રયત્નો કર્યા હતા, જેને દેશ ક્યારેય ભૂલશે નહીં. વિધાનસભાના અધ્યક્ષ શ્રી ચૌધરીએ અંદમાન નિકોબાર ખાતે આવેલી સેલ્યુલર જેલની તેમની મુલાકાત સમયના પ્રસંગો યાદ કરી તમામે એક વાર આ જેલની અવશ્ય મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો. ગુજરાત વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી ચેતન પંડ્યા સહિત ના ગુજરાત વિધાનસભાના અધિકારી-કર્મચારીઓએ પણ તૈલચિત્રને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા આયોજિત પશ્ચિમ ઝોનનો વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો

ભારતીય સેનાએ પહેલગામમાં થયેલ જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સૂર્યના દર્શન કરાવ્યા:- મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન

ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓ દ્વારા જોશ અને જુસ્સા સાથે 'મેરા ભારત, મેરા સંકલ્પ'ની પ્રતિજ્ઞા લેવામાં આવી

કમલમ્,

ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા 'યુવાશક્તિ, ભારત કી શક્તિ-એક યુવા,એક રાષ્ટ્ર, એક સંકલ્પ' શીર્ષક સાથે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ ઝોન ની પાંચ યુનિવર્સિટીમાં આ રાષ્ટ્રવ્યાપીશપથ કાર્યક્રમ યોજાયો હતો. મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક ઉદબોધન આપ્યા કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની તથા ગાંધીનગર લોકસભાના સાંસદ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સશક્ત નેતૃત્વ હેઠળ ભારતીય સેનાએ પહેલગામમાં જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સૂર્યના દર્શન કરાવ્યા હતા. આ સમયે સમગ્ર દેશની જનતા ભારતીય સેનાની સાથે છે.સર્વે સામાજિક અગ્રણીઓ, દેશભક્ત નગરજનો 'એક દેશ, શ્રેષ્ઠ દેશ'ની ભાવનાને સીમા પાર પહોંચાડી રહ્યા છે. દેશવાસીઓ દેશની અસ્મિતાને બળ આપવાની સાથે દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતના પાંચ ઝોન માંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને આ શપથ કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવી તે ખૂબજ આનંદ સાથે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદને જમીનદોસ્ત કરવાના વિચાર સાથે ભારતદેશને આત્મનિર્ભર બનાવી વિકસિત ભારત @2047 ને સાર્થક કરવાઅને 'વોકલ ફોર લોકલ'ના નારા સાથે 'મેક ઈન ઈન્ડિયા'ને સાર્થક કરવાવિદેશીવસ્તુઓનો બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશની વસ્તુ ખરીદવાની અને બહારના દેશની વસ્તુઓનો બહિષ્કાર કરવાની માનસિકતા બનાવીશું ત્યારે આપણે આપણા દેશને વધારે મજબૂત કરી શકીશું.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર સુશ્રી અમીબહેન ઉપાધ્યાયે કહ્યું હતું કે, ભારત દેશ આત્મનિર્ભર છે. તે ધર્મના નામ ઉપર આતંકને સહન નહીં કરે. ઓપરેશનસિંદૂર એ ભારતનાદુશ્મનોને દેશ દ્વારાઆપવામાં આવેલોજવાબ છે. ભારતવાસીઓ સંયમ અને સામર્થ્ય બતાવવાવાળી પ્રજા છે. આર્થિક રીતે પ્રગતિ કરતાભારત દેશને પોતાની યુવા શક્તિ ઉપર વિશ્વાસ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માનવા અનુસાર યુવા શક્તિ એ ઉંમર કરતા ફિટનેસની વાત વધુ છે. તેથી યુવા શક્તિ થકી વિશ્વને ભારત તનું મહત્ત્વ બતાવવાનું છે. જે ભારતની સામેઊભા હશે, તે ભારતના લોકોની સામે ઊભા હશે. યુવા શક્તિ સાથે ભારતને વિશ્વબંધુ બનતા કોઈ નહીં રોકી શકે. આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ પ્રદેશોમાથી આવેલા વિદ્યાર્થીઓ દ્વારા જોશ અનેજુસ્સા સાથે 'મેરા ભારત, મેરા સંકલ્પ'ની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ભારતની એકતાનું પ્રતિનિધિત્વ કરવું, દેશસેવાનાં કાર્યોમાંજોડાવું, રાષ્ટ્ર પ્રત્યેકોનું સન્માન કરવું, સ્વચ્છ ભારત બનાવતા સાથે ભારતને આત્મનિર્ભર દેશ બનાવવો, વિવિધતામાં એકતાના સંકલ્પનું સન્માન કરવું, માતદાન માં ભાગીદાર થવું વગેરે જેવી બાબતો આ પ્રતિજ્ઞામાં સામેલ હતી. આ શપથ સમારોહ કાર્યક્રમમાંયુનિવર્સિટીના બોર્ડ મેમ્બર શ્રી યતીનપટેલ અને શ્રી જયેશ પટેલ, રજિસ્ટ્રાર ડૉ. શ્રી અજયસિંહ જાડેજા સહિત રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.